પરિશિષ્ટઃ ૧

'સ્ત્રીવિમર્શ'- પુસ્તકનો સમીક્ષાત્મક અભ્યાસ'

A Presentation Under Departmental Coursework (Phase-I) for Ph.D. Students

પરિશિષ્ટ: ૧ 'સ્ત્રીવિમર્શ'- પુસ્તકનો સમીક્ષાત્મક અભ્યાસ'

A Presentation Under Departmental Coursework (Phase- I) for Ph.D. Students

Department of Gujarati

The M. S. University of Baroda, Vadodara

Title of Paper:

'સ્ત્રીવિમર્શ'- પુસ્તકનો સમીક્ષાત્મક અભ્યાસ'

Manali Bharatkumar Joshi
Ph.D. Student
Department of Gujarati
Faculty of Arts
The M. S. University of Baroda
Vadodara

Guide:
Dr. Bharat Pandya
Associate Professor
Department of Gujarati
Faculty of Arts
The M. S. University of Baroda
Vadodara

'સ્ત્રી વિમર્શ'- નિવ્યા પટેલના પુસ્તકનો અભ્યાસ

નિવ્યા પટેલ દ્વારા લિખિત 'સ્ત્રી વિમર્શ' પુસ્તકમાં ભારતીય સ્ત્રી વિમર્શની પરંપરાને આવરી લેતું પુસ્તક છે. જેમાં સ્ત્રીકેન્દ્રી વિચારધારા અને સ્ત્રીકેન્દ્રી કૃતિઓની ચર્ચાનો સમાવેશ કરતાં ૧૫ લેખો છે. ઇ.સ. ૨૦૧૩માં પ્રણવ પ્રકાશન દ્વારા તેનું પ્રકાશન થયું.

સંશોધન તેમજ અનુવાદ કાર્યમાં રસ ધરાવતા ડો. નિવ્યા પટેલ નિવેદનમાં જ નોંધે છે કે, તેમના પુસ્તક 'કથાભારતી'('ગોપળરાવ વિદ્વાંશ અનુવાદ'નું પ્રથમ પારિતોષિક મળેલ ભારતીય નારી ચેતના કેન્દ્રી વાર્તાઓના અનુવાદનું પુસ્તક) દ્વારા નારી વિમર્શને આગળ વધારતાં તે વિશેના લેખો લખાતા ગયા અને 'શબ્દસૃષ્ટિ', 'દલિતચેતના', 'બુદ્ધિપ્રકાશ', 'હયાતી', 'તાદર્થ્ય', 'વિવિધાસંચાર' અને 'પરિવેશ' જેવા સામયિકોમાં પ્રકાશિત થતાં ગયા. આ પુસ્તકનું મહત્ત્વ એ છે કે પાશ્ચાત્યની નારીકેન્દ્રી વિચારણા સામે ભારતીય નારી વિમર્શની પરંપરા પણ દીર્ઘ અને ગહન છે તે ચીંધવાનું કામ સૌપ્રથમ આ પુસ્તક કરે છે. આ સિવાય નારીવાદ કે નારીકેન્દ્રી વિચારણા વિષે ગુજરાતી વિવેચન ક્ષેત્રે છૂટા-છવાયા લેખો જોવા મળે છે. આ પુસ્તકમાંના લેખો જોતાં ખ્યાલ આવશે કે તેમાં ભારતીય નારી વિમર્શની પરંપરાનો ચિતાર આપતો સળંગ પ્રયાસ છે. પુસ્તકમાં સમાવિષ્ટ લેખોનો વિષય અનુક્રમણિકામાં જોઈએ તો તે આ પ્રમાણે છેઃ

૧. 'સ્ત્રી-પુરુષ તુલના' (તારાબાઈ શિંદે)ઃ નારીવાદી ચિંતનનો સબળ પ્રારંભ
૨. 'સીમન્તની ઉપદેશ'ઃ ૧૯મી સદીમાં પિતૃસત્તાક સમાજની આકરી તપાસ
૩. દુઃખિનીબાલાની આત્મકથાઃ પીડાનો દસ્તાવેજ
૪. 'શૃંખલા કી કડિયાં'ઃ ભારતીય નારીવિમર્શનો પ્રચંડ પ્રારંભ
૫. નારીવિમર્શ મહાદેવી વર્મા તથા વર્જિનિયા વૂલ્ફના વિશેષ સંદર્ભે
૬. પહાડી જીવનને આલેખતી નવલકથાઃ 'હીડિમ્બ'
૭. ભદ્ર સંસ્કૃતિની પોકળતાનું નિદર્શનઃ 'ઘટશ્રાદ્ધ'

૮. વિપ્લવની લોકપ્રિય કૃતિઃ 'ઝાંસી કી રાની'
૯. સામાન્ય બરનું છતાં પ્રભાવક નાટકઃ 'લલિતાદુઃખદર્શક'
૧૦. સમસ્યામૂલક નારીપ્રતિમાનઃ 'લીલાવતી જીવનકલા'
૧૧. પરંપરાથી પ્રગતિ ભણી પ્રયાણ કરતી નારીનો સાક્ષાત્કારઃ 'પાર્વતીકુંવર આખ્યાન'
૧૨. નાની આંખે વ્યાપકદર્શનઃ 'થઈશ તુજ જેવડી'
૧૩. પીડા અને વેદનામાંથી સર્જન તરફ ગતિ કરતી નારીની કથાઃ 'પાનખરની બીક ના બતાવો'
૧૪. વિદ્રોહી નારીચેતનાઃ પંડિતા રમાબાઈ 'સરસ્વતી'(૧૮૫૮-૧૯૨૨)
૧૫. નારીચિંતનનું નૂતન પરિમાણઃ જર્મેન ગ્રીયરની વિચારણા

પ્રથમ પ્રકરણમાં પાશ્ચાત્ય નારીકેન્દ્રી વિચારણાના વિચારકો વર્જિનિયા વૂલ્ફ અને સિમોન-દ-બુવાની અડોઅડ ઊભા રહી શકે તેવા પંડિતા રમાબાઈ, મહાદેવી વર્મા, તારાબાઈ શિંદે જેવા ભારતીય સબળ નારી વિચારકોની પરંપરાનો પરિચય આપી તારાબાઈ શિંદેના નિબંધ 'સ્ત્રી-પુરુષ તુલના' વિષે વાત કરે છે. આ સુદીર્ઘ નિબંધ ઇ.સ. ૧૮૮૨ માં પ્રગટ થયો. ત્યારબાદ પુરુષસત્તાક સમાજમાં તેની અવગણના થઈને હાંસિયામાં ધકેલાઇ ગયો હતો. ઇ.સ. ૧૯૯૪માં (લગભગ ૧૧૨ વર્ષ પછી) રોઝેલિંડ ઓહૅલન દ્વારા આ નિબંધનો અંગ્રેજીમાં અનુવાદ થયો. જેનું શીર્ષક હતુંઃ ' A Comparison between Women and Men'. મરાઠીમાં બે સંપાદનો બાદ મેનકા જાધવ દ્વારા 'તથાપિ'ના ચાર અંકોમાં આ સુદીર્ઘ લેખ છપાયો. આ મહત્વપૂર્ણ નિબંધની વિગતે ચર્ચા કરતાં પહેલા તેઓ ભારતીય નારી લેખનની પરંપરા વિષે ચર્ચા કરી સ્ત્રીકેન્દ્રી વિચારણાના પોષક પરિબળો જેવા કે નવજાગરણ, વિવિધ સંસ્થાઓની સ્થાપના, પશ્ચિમની સંસ્કૃતિનું આક્રમણ વગેરે વિષે જણાવે છે.

રાજારામ મોહનરાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, નર્મદ, મહાદેવ ગોવિંદ રાનડે, ગોપાળ હરિ દેશમુખ, કર્વે, અગરકર, જ્યોતિબા ફૂલે જેવા પ્રગતિશીલ વિચારણા ધરાવતા વિચારકોનો આ નવજાગરણના સમયગાળામાં મહત્વનો ફાળો છે. જ્યોતિબા ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલેના 'સત્યશોધક'થી પ્રભાવિત કુટુંબમાં તારાબાઈ શિંદેનો જન્મ થયો હતો. તારાબાઈ ખૂબ ટૂંકી

પ્રસ્તાવનામાં નોંધે છેઃ 'જે ઈશ્વરે આ અદ્ભૂત સૃષ્ટિની રચના કરી, એણે જ સ્ત્રી પુરુષનું પણ સર્જન કર્યું. પણ બધા જ દુર્ગુણોનો વાસ માત્ર સ્ત્રીજાતિમાં જ હોય છે, તેમજ જ જે અવગુણ સ્ત્રીઓમાં છે એવા પુરુષજાતિમાં છે કે નહીં- એ વિષે સ્પષ્ટતા કરવા ખાતર જ આ લઘુનિબંધ મેં મારી સર્વદેશભગિનીઓનું ગર્વ કરવા ખાતર લખ્યો છે. અમુક જાતિ કે કુળ માત્રને ઉદ્દેશીને એ લખ્યો નથી. અહીં મેં સ્ત્રી પુરુષની તુલના માત્ર કરી છે.' (પૃ. ૧૩)

ડો. નિવ્યા પટેલ તારાબાઈ શિંદેના નિબંધ વિષે વિગતે (૪૯ પૃષ્ઠમાં) ચર્ચા કરે છે. તારાબાઈએ ચર્ચેલી સ્ત્રીવિષયક બાબતોમાં વિધવાઓની સ્થિતિ, સ્ત્રીના ગણાતાં ગુણો-અવગુણો, દેશમાં થતાં હિંસક અને ક્રૂર કાર્યોમાં સ્ત્રીઓનો અભાવ, સ્ત્રીની અજ્ઞાનતા વગેરે વિષે સીધી અને ચોટદાર ભાષામાં વાત કરે છે. તેમની ભાષા અને લેખન વિષે ડો. નિવ્યા પટેલ નોંધે છે કેઃ 'નિબંધના આરંભે જ તેઓ સ્વીકારે છે કે કંઇક લખવાનો તેમનો આ પ્રથમ અનુભવ છે તેથી આ નિબંધમાં જો તમને અસંગત, તૂટક તૂટક વાક્યો, ક્યાંક અધૂરી માહિતી હોવાનું જણાશે. તેમ છતાં એમની કટાક્ષપૂર્ણ ભાષાનો પ્રસ્તાવનામાંથી જ પ્રારંભ થઈ જાય છે. પોતાને 'મરાઠાઓની ગૃહબંદીશાળાની એક મતિહીન અબળા' તરીકે ઓળખાવે છે.'(પૃ.૧૪) આમ, ભાષા અને દસ્તાવેજી માહિતીની સચોટતા પર ભાર ન મૂકતાં સ્ત્રી-પુરુષની તુલના દ્વારા, જે અયોગ્ય અને અન્યાયી કર્મોનો ભોગ સ્ત્રીઓ બની રહી છે તેની સામે નિડરતાથી અવાજ ઉઠાવી પ્રશ્નો કરવાનો તેમનો હેતુ સ્વાભાવિક બને છે. આ ઉપરાંત, સુરતના ઓલપાડમાં વિધવા સ્ત્રી વિજયાલક્ષ્મી ગર્ભવતી બને છે, તેને સમાજના ડરથી સંતાનને જન્મ આપી મારી કાઢે છે જેના ગુનામાં માર્ચ ૧૮૮૧માં કેસ ચાલે છે અને એપ્રિલમાં તેને ફાંસીની સજા થાય છે. તેની ૬ મહિના જેટલી વર્તમાનપત્રોમાં ચર્ચા ચાલે છે. અન્ય રૂક્માબાઈ કેસમાં સાસરીમાં જવાની ના પાડતી સ્ત્રી પર કેસ ચાલે છે અને કાયદેસર તેને સાસરે જવું પડશે તેવો ચુકાદો આવે છે. આમ, સ્ત્રીના દુષ્કર્મો વિષે તે સમયે છૂટથી લખાતું. પરંતુ, આવા કૃત્યોના મૂળમાં આપણી સમાજ વ્યવસ્થા જવાબદાર હતી તે કોઈના ધ્યાનમાં ન આવતું. તારાબાઈ તેને ધ્યાનમાં લે છે.

વિધવા પુનર્લગ્ન અને વિધવાઓની સ્થિતિની વિષે તારાબાઈ માંડીને વાત કરે છે. સ્ત્રીવિષયક સમસ્યાઓને પ્રબળ રીતે રજૂ કરવા માટે તેઓ જાણીતી વાર્તાઓ, પુરાણો, મહાકાવ્યો, નાનીનાની ઘટનાઓનો સહારો લે છે તે ડો. નિવ્યા પટેલ આપણને સંદર્ભો દ્વારા રજૂ કરી આ નિબંધની મહત્તા દર્શાવે છે. કજોડા લગ્ન, બાળ લગ્ન, બહુપત્નીત્વ જેવા પ્રશ્નો પણ આ નિબંધમાં સમાવિષ્ટ છે. પ્રાચીન કથાનકોના ઉદાહરણ દ્વારા ધર્મગ્રંથો અને ધર્મસત્તાનું પણ કેવું જોર સ્ત્રી પર છે, સ્ત્રીનું આર્થિક સ્વાતંત્ર્ય, રાજકીય સ્થિતિ અને સમાજના અત્યાચારો વિષે ચર્ચા કરતાં તારાબાઈ વિષે નિવ્યાબેન અભ્યાસ દ્વારા જણાવે છે કે તેઓએ સાહિત્યિક, પૌરાણિક, રાજકીય અને સામાજિક સંદર્ભે સ્ત્રીની ચર્ચા કરી છે. તેઓ એ પણ નોંધે છે કે તારાબાઈના નિબંધમાં પંડિતા રમાબાઈ, રમાબાઈ રાનડે, રૂક્માબાઈ, કાશીબાઇ કાનિટકર, સાવિત્રીબાઈ ફૂલે જેવા નારીકર્મશિલોના ઉલ્લેખ મળતા નથી તે આશ્ચર્યજનક બાબત છે. વિજયાલક્ષ્મી કેસના વિરોધી વૈભવરાવ, તે સમયના સમાજમાં રખાતપ્રવૃત્તિ, વિધવા નિસંતાન રાણીને ગર્ભવતી થવામાં સહાય કરતાં ઋષિઓ, વિવિધ માધ્યમોમાં સ્ત્રીની પ્રસ્તુત થતી છબી, ફસકી ગયેલા-સમાધાનકારી સુધારકો વગેરે વિષયો સંદર્ભે સીધા પ્રહારો કરતાં તારાબાઈને લગ્નવ્યવસ્થા સામે કોઈ વાંધો નથી તેથી ડો. નિવ્યા પટેલ 'પરંપરાગત નારીવાદી'(પૃ.૪૦) ગણાવે છે.

આ નિબંધની આજના સમયમાં પ્રસ્તુતતા આ રીતે નોંધે છેઃ 'સવાસો વર્ષ પૂર્વે લખાયેલ આ ચિંતન વૈશ્વિકીકરણના આજના યુગમાં પણ બેઠેબેઠું પ્રસ્તુત છે. કારણકે ભારતમાં આજેય બાબાઉદ્યોગમાં મંદી આવી નથી. સરળ, સુબોધ ગદ્યમાં લખાયેલ આ ચિંતનનો ટૂકડો એની નાટ્યાત્મક પ્રસ્તુતિને કારણે રસપ્રદ બન્યો છે.' (પૃ.૪૦) અત્યારે ચાલી રહેલા બળાત્કારના ઢગલો કેસના મૂળમાં જે માનસિકતા રહેલી છે તે માટે પણ આ નિબંધ એટલો જ પ્રસ્તુત બને છે. આસ્તિક અને લગ્નવ્યવસ્થામાં માનતા તારાબાઈ આ નિબંધને અંતે ઈશ્વરને બંનેના સાયુજ્ય વડે સ્વસ્થ સમાજ રચાય તે માટે પ્રાર્થના કરે છે. નિબંધની ચર્ચાના અંતે નિવ્યાબેન જણાવે છે કેઃ 'તારાબાઈએ કરેલી સ્ત્રીપુરુષની તુલનાની મીમાંસા એ આ રીતે કોઈ ફિલ્ડવર્ક કે સંશોધનપૂર્વક કરાયેલી તપાસ નથી. કારણ કે એ વખતે એ શક્ય નહોતું. આપણી એકંદરે જીવનવ્યવસ્થા પુરુષ વર્ચસ્વવાળી છે. કુટુંબ વ્યવસ્થા પુરુષપ્રધાન છે. શાસ્ત્ર અને ધર્મ જે

આચાર-વિચાર નક્કી કરે છે તે પુરુષ વિરચિત છે. નાણાકીય વ્યવસ્થા પુરુષહસ્તક છે. ન્યાય વ્યવસ્થામાં પણ પુરુષનું પ્રાધાન્ય છે. રાજ્ય સંસ્થા સ્ત્રી પ્રશ્ન વિષે ઉદાસીન છે તેવી ૧૯મી સદીમાં એક સંવેદનસભાઓની તીક્ષ્ણ બુદ્ધિવાળી સ્ત્રી આ પ્રકારનો નિબંધ આપે તે નાનીસૂની ઘટના નથી.' (પૃ.૪૮) નારીવાદ વિષે ભારતીય સાહિત્ય ક્ષેત્રે ચર્ચા થાય ત્યારે આ નિબંધની પહેલાના સમયમાં થઈ એવી અવગણના ફરીથી ન થાય તે માટે આ નિબંધની 'સ્ત્રી વિમર્ષ'માં થયેલી ચર્ચા અતિમહત્વની બની રહે છે. ૪૬ જેટલા સંદર્ભો આપીને કરાયેલો અભ્યાસ નિષ્ઠા અને ભારતીય સાહિત્યમાં નારીકેન્દ્રી વિચારણા વિષેની જાગૃતિ માટેની પ્રતિબધ્ધતા દર્શાવે છે.

બીજા લેખમાં 'સીમંતની ઉપદેશ' વિષે અભ્યાસ કરવામાં આવ્યો છે. ડો. ધર્મવીર દ્વારા હિન્દી સાહિત્યના કેટલાંક મહત્ત્વના ગ્રંથોને શોધી કાઢીને સંપાદન કરવાનું કાર્ય થયું છે. એ કાર્યમાંનો એક ગ્રંથ એટલે 'સીમંતની ઉપદેશ'. પંજાબી સ્ત્રી જે 'એક અજ્ઞાત હિન્દુ ઔરત' હોવાનો ઉલ્લેખ કરી નામ વિના આ ગ્રંથ લખે છે તે સૌપ્રથમ વાર ધર્મસહાયક પ્રેસમાં વિદ્રોહી પ્રકાશક મુન્શી કન્હૈયાલાલ અલખધારી દ્વારા ૧લી ફેબ્રુઆરી, ૧૮૮૨માં પ્રગટ થાય છે. મૂળ ઉર્દુમાં લખાયેલી આ કૃતિનો ઋષિરાજ ગૌડે નાગરી લિપિમાં રૂપાંતર કરી પ્રથમ આવૃત્તિના આધારે ઇ.સ. ૨૦૦૪ માં ધર્મવીરે પુનઃપ્રકાશિત કરી. ૨૩ અધ્યાયોમાં વહેંચાયેલ આ ગ્રંથમાં સ્ત્રીની સ્વતંત્રતા, સમાનતા, આત્મનિર્ભરતા, આત્મનિર્ણય તથા સ્ત્રીના અસ્તિત્વની માંગણી જેવા વિષયોને લક્ષમાં લે છે. સૌપ્રથમ તો સ્ત્રીઓમાં પ્રવર્તેલા અથવા દ્રઢ કરી દેવાયેલા ક્ષુલ્લક વિચારોને ત્યાગી દેવા માટે પહેલ કરે છે. 'જેવર કે શૌક' માં સ્ત્રીમાં ઘરેણાંપ્રીતિને લઈને આ જ ઘરેણાં તેના બંધનો છે તે સમજાવે છે. સૌભાગ્યચિન્હો ગણાતાં ઘરેણાં કઈ રીતે સ્ત્રીને બાંધે છે તેની વાત કરે છે. તે જ રીતે પરંપરાગત પોશાક પ્રત્યે પણ તે વ્યંગ કરે છે. ડો. નિવ્યા પટેલ નોંધે છે કેઃ 'લેખિકાએ પ્રાચીન સમયની સ્ત્રીઓની સમકાલીન સ્થિતિને સમકાલીન સ્ત્રીઓની તુલના કરતા જે તુલનાત્મક અંતર દર્શાવ્યું છે તે આજે ૨૧મી સદીમાં પણ સાફ નજરે પડે છે. ભારતની લગભગ અડધો અડધ વસ્તી સ્ત્રીઓની છે તો પણ આજે સ્ત્રીઓ હાશિયા પર ઊભી છે.' (પૃ.૫૫) આ વિધાન હજુ પણ સ્ત્રીઓની સ્થિતિમાં વિશેષ ફેરફાર થયો નથી તેથી આજે પણ આ પ્રકારના વિચારો આજે પણ પ્રસ્તુત બની રહે છે તે દર્શાવે છે. વિધવા પુનર્લગ્નની

હિમાયત કરનાર ગ્રંથની લેખિકા વિધુરની સ્થિતિ અને વિધવાની સ્થિતિ વચ્ચેના ભેદને તારવે છે. બધા સંઘઠનોને સાથે મળીને સ્ત્રી અન્યાયો સામે લડવા માટે આહવાહન કરે છે. વિદેશી શાષકોના આગમનથી થયેલા પરિવર્તનને કારણે લેખિકા તેઓને ઋષિ સમાન ગણે છે. અત્યાચારો સામે કાનૂની કાર્યવાહી દ્વારાવિદ્રોહ કરવાની રીતમાં તેઓ માને છે. ડો. નિવ્યા પટેલ વિવિધ પુરાણોમાં ઋષિમુનિઓ દ્વારા કેવી રીતે 'પતિવ્રતા ધર્મ'ને ઉચ્ચ ધર્મ ગણાવ્યો છે અને લેખિકા તેને 'મતલબી ધર્મ તરીકે ઓળખાવે છે ત્યારે કેવી દલીલો રજૂ કરે છે તેના વિષે ચર્ચા કરી છે. તેઓ અંતે નોંધે છેઃ 'સ્ત્રીઓનું પણ એક પૂર્ણ વ્યક્તિત્વ હોય છે. પૃથ્વી પર જીવવાનો અધિકાર, ચાલવાનો, પ્રેમ કરવાનો, આત્મનિર્ણય લેવાનો, શિક્ષણનો, ભાષણ કરવાનો, શાસ્ત્રો શીખવાનો, પૈસા કમાવવાનો, પોતાની અંદરની ઇચ્છાઓ પૂરી કરવાનો તથા સુખ અને શાંતિનો અધિકાર એમને જન્મથી જ હોય છે તો પણ ભારતીય સમાજમાં સ્ત્રીઓના જીવનનો નિર્ણય પુરુષ જ કેમ લે છે?' (પૃ.૫૮) આવા પ્રશ્નો આજના સમયે પણ સ્ત્રી માનસને ખટકે તે સ્વાભાવિક હોય તો તો તે સમયે પુરુષસત્તાક સમાજની સખત મૂલવણી અને તપાસ કરતો આ ગ્રંથ નારી વિમર્શની વાત કરીએ ત્યારે બાકાત રહી ન જવો જોઈએ. તેથી ડો. નિવ્યા પટેલની આ પુસ્તકમાં કરેલી મથામણ આ રીતે સાર્થક નીવડે છે.

ત્રીજા પ્રકરણમાં 'સરલા, એક વિધવા કી આત્મજીવની' હિન્દી સાહિત્યમાં સ્ત્રી આત્મકથા લેખનનો પ્રથમ પ્રયાસ છે. તેની લેખિકા દુખિનીબાલા છે. કથામાં અન્ય પાત્રો તેને સરલા કહીને બોલાવે છે. 'સ્ત્રીદર્પણ' સામાયિકમાં જુલાઇ ઇ.સ.૧૯૧૫થી માર્ચ ઇ.સ.૧૯૧૬ના અંકોમાં ધારાવાહીરૂપે પ્રકાશિત થયેલી આ આત્મકથા વિધવાની સ્થિતિ રજૂ કરે છે. પ્રજ્ઞા પાઠક દ્વારા 'સરલા, એક વિધવા કી આત્મજીવની' નામે તેનું ઇ.સ. ૨૦૦૪માં સંપાદન કરવામાં આવ્યું. ૭ કે ૮ વર્ષે લગ્નમંડપમાં ઘરેણાં, મીઠાઇની ચકાચોન્ધમાં બેઠેલી દુખિનીબાલાને એ પણ ખબર ન હતી કે તેના લગ્ન થઈ રહ્યા છે. બાળલગ્ન અને કજોડાલગ્નને કારણે બાળવિધવાની સંખ્યામાં થઈ રહેલા વધારાને આ કથા પ્રકાશમાં લાવે છે. તેની પૂરતી કરવા માટે ડો. નિવ્યા પટેલ 'સ્ત્રીદર્પણ'માં ભારત મહિલા નામની લેખિકાએ 'મહાત્મા ગાંધી ઔર ભારત કી વિધવાએેં' નામના લેખમાં પ્રસ્તુત આંકડાઓનો આધાર લે છે. જે આ કથાને સમજવામાં

ઉપયોગી બની રહે છે. પુત્ર-પુત્રીના ભેદભાવને પણ આ આત્મકથામાં શિક્ષણ મેળવવાની દુખિનીબાલાની ઈચ્છા અને મા-બાપના પ્રતીભાવ દ્વારા બતાવી આપે છે. દસ વર્ષની દુખિનીબાલા વિધવા થઈ જતાં 'મેરી બચ્ચી રાંદ હો ગયી'નો વિલાપ કેટલો ધ્રુજાવી મૂકે તેવો હશે તે આ સમયે કલ્પી શકાય તેવો પણ નથી. વિધવા થયા બાદ સાસરીમાં તેના પ્રત્યેનો વર્તાવ એ તે સમયે અન્ય વિધવાઓની સ્થિતિ પણ કેવી હશે તેનો ચિતાર આપે છે. દુખિનીબાલાનો ભાઈ વિધુર થતાં તેને પુનર્લગ્ન કરવી આપવામાં આવે છે. આમ, સ્ત્રી-પુરુષના ભેદને અહીં પોતાના જ અનુભવો દ્વારા બતાવવામાં આવ્યો છે. આ ભેદનો તે ઉત્તર પણ શોધે છે- તેનું કારણ 'પ્રોડક્ટિવ કેપિટલ'(પૃ.૬૪) છે. આર્થિક સ્વાતંત્ર્ય એ ભેદનું મોટું પરિબળ છે એવું માનતી તે સ્વર્ગનું સ્વપ્ન જોવે છે જ્યાં આવો કોઈ ભેદ નથી. સ્વપ્ન પ્રયુક્તિ દ્વારા વાસ્તવિકતાની તુલના કેવી રીતે થાય છે તેનું ઉદાહરણ ડો. નિવ્યા પટેલ રુકૈયા શેખાવત હુસૈનની રચના 'સુલતાના કા સપના' આપે છે.

આ કથામાં બાળપણથી નાયિકા વિધવા થાય છે ત્યાં સુધીના ખાંડને જ આલેખે છે. તેઓનો ઉદ્દેશ્ય પોતાની વિધવા તરીકેની સ્થિતિ અને અન્ય વિધવા સાથે પોતાની જેમ જ થતાં અત્યાચારો વિષે ધ્યાન દોરવાનો છે. ડો. નિવ્યા પટેલ અન્ય મરાઠી અને બંગાળી સ્ત્રીઓ દ્વારા તે સમયે લખાયેલી નવલકથાઓના દાખલા પણ આપે છે. આમ, ૧૯મી સદીમાં વિધવાઓની સ્થિતિ દર્શાવતી આ લેખમાં આત્મકથાની સાથોસાથ વિવેચકની ચર્ચા પણ મહત્વની બની રહે છે.

'શૃંખલા કી કડિયાઁ'-ભારતીય નારીવિમર્શનો પ્રચંડ પ્રારંભ લેખમાં કવિયિત્રી તરીકે પ્રખ્યાત મહાદેવી વર્માના ચિંતનાત્મક નિબંધની સમીક્ષા કરવાં આવી છે. માત્ર ૨૩ વર્ષની વયે લખાયેલો આ નિબંધ પાશ્ચાત્ય નારી વિમર્શના વિચારો સામે મૂકી શકાય તેટલી ક્ષમતા ધરાવે છે. નૂતન અને પ્રગતિશીલ વિચારોવાળો આ નિબંધ લખાયો ત્યારે ગાંધીજીના કારણે ઘરની સ્ત્રીઓ ઉંબરો ઓળંગી ચૂકી હતી તે સમયની સ્થિતિ વિષે વિવેચક થોડી ચર્ચા કરે છે. ઇ.સ. ૧૯૩૦માં નારીવિષયક પ્રશ્નોને લઈને નિબંધાત્મક લેખો 'ચાંદ' સામયિકમાં પ્રગટ થયા હતા. જેનું પુસ્તક

ઇ.સ. ૧૯૪૨માં આવે છે. 'હમારી શૃંખલા કી કડિયાઁ', 'યુદ્ધ ઔર નારી', 'નારીત્વ કા અભિશાપ', 'આધુનિક નારી', 'ઘર ઔર બહાર', 'હિન્દુ સ્ત્રી કા પત્નીત્વ', 'સ્ત્રી કે અર્થસ્વાતંત્ર્ય કે પ્રશ્ન', 'જીવન કા વ્યવસાય', 'હમારી સમસ્યાએ', 'સમાજ ઔર વ્યક્તિ', 'જીને કી કલા'- જેવા વિષયોને આ પુસ્તકમાં સમાવાયા છે. વિવેચક નોંધ છેઃ ' 'શૃંખલા કી કડિયાઁ'માં સ્ત્રીસ્વાતંત્ર્ય, સ્ત્રીઓની સામાજિક-આર્થિક-રાજીકીય પરિસ્થિતી, રીતરિવાજો, રૂઢીઓ, સ્ત્રી-પુરુષ અસમાનતા વગેરે પ્રશ્નોને મહાદેવી વર્માએ વાચા આપી છે. તેઓ ઉપર્યુક્ત પ્રશ્નોને એક સમાજશાસ્ત્રની દ્રષ્ટિથી વિચારે છે.' (પૃ.૬૯)

મહાદેવી વર્મા સ્ત્રીઓને રાજકીય, કલા, સાહિત્ય, વિજ્ઞાન, સંગીત અને ઇતિહાસ જેવા ક્ષેત્રે આગળ આવવાનું કહે છે. તેઓ લાલચ, જુઠ્ઠાબોલું, સારું-ખરાબ, ગમે તે રીતે સ્ત્રી માટે ગોઠવી દેવાતા લગ્ન સામે વિરોધ પ્રદર્શિત કરી સામાજિક સ્તરે જાગૃતિ અને પ્રતિબધ્ધતા સેવવા માટે જણાવે છે. વિદ્વાન સ્ત્રી સાથે પુરુષ કેમ લગ્ન નથી કરતો તેની માટે તે જણાવે છે કે વિદ્વાન સ્ત્રી પોતાના સામે થતાં અન્યાયને નહીં સહે અને વિરોધ પણ કરી શકે તેવી શક્યતાઓને પુરુષ સહી શકતો નથી. દહેજપ્રથા, વિધવાસ્થિતિ, વેશ્યાજીવનની પણ તેઓ ચર્ચા કરે છે. સ્ત્રીની ખરાબ પરિસ્થિતી માટે તેઓ શિક્ષણના અભાવને કારણભૂત ગણે છે. ડો.નિવ્યા પટેલ નોંધે છે કેઃ 'આઘાતની વાત એ છે કે ગઈ સદીના ચોથા દાયકામાં થયેલ આ નારીવિમર્શની સશક્ત પરંપરા આપણે ઊભી કરી શક્યા નથી. રેઢિયાળ પુસ્તકોના અનુવાદ ખડકલા સામે શું આ ગ્રંથનો અનુવાદ તમામ ભારતીય ભાષામાં ન થવો જોઈએ ?' (પૃ.૭૩) તેવો પ્રશ્ન તે સાહિત્યજગતમાં સક્રિય લોકોને કરે છે ત્યારે આ ચિંતનાત્મક નિબંધ ભાવકને પણ આજના સમયે ખરેખરી અસર કરે તેવો છે.

પાંચમા પ્રકરણ 'નારી વિમર્શઃ મહાદેવી વર્મા અને વર્જિનિયા વૂલ્ફના વિશેષ સંદર્ભે' માં ડો. નિવયા પટેલ શરૂઆતમાં 19મી સદીના નવજાગરણકાળના સમયમાં નારીવિમર્શ કેન્દ્રમાં આવ્યો તેની વાત કરે છે. તેમાં રાજારામ મોહનરાય, ભગિની નિવેદિતા, પંડિતા રમાબાઈ, જ્યોતિબા ફૂલે, સાવિત્રીબાઈ ફૂલે જેવા સમાજ સુધારકોના પ્રદાનને દર્શાવી રશિયન ક્રાંતિના

પરિણામને કારણે હાંસિયામાથી બહાર આવીને ટ્રેક્ટર ચલાવતી સ્ત્રીની ચર્ચા કરે છે. ઇ.સ. ૧૯૨૯માં પ્રકાશિત થયેલ વર્જિનિયા વૂલ્ફના 'અ રૂમ ઓફ વન્સ ઓન' ('પોતાનો ઓરડો') અને તેની સામે ભારતમાં મહાદેવી વર્માના ઇ.સ. ૧૯૩૦ માં 'ચાંદ' સામયિકમાં વિવિધ નારીકેન્દ્રી પ્રશ્નોને ચર્ચતું 'શૃંખલા કી કડિયાઁ'ની ચર્ચા કરે છે. 'પોતાનો ઓરડો' એ વર્જિનિયા વૂલ્ફ એ ૪૬ વર્ષે લખ્યું, જ્યારે મહાદેવી વર્મા 'શૃંખલા કી કડિયાઁ' લખે છે ત્યારે માત્ર ૨૩ વર્ષના છે. વર્જિનિયા વૂલ્ફ 'પોતાનો ઓરડો'માં સ્ત્રીસ્વાતંત્ર્ય, સ્ત્રી-પુરુષ સાથે વર્તનમાં ભેદ, સ્ત્રીના અલાયદા ઓરડા અને સ્ત્રીના અર્થ સ્વાતંત્ર્યની વાત કરે છે. મેરી બેટન નામના પાત્ર દ્વારા પોતાના મનમાં ઉઠતાં પ્રશ્નોને તે વાચા આપે છે. તેમનું ચિંતન મધ્યમવર્ગ પૂરતું અને સ્ત્રીના અમુક જ પ્રશ્નો પૂરતું સીમિત રહે છે. 'શેક્સપિયરની બહેન હોત તો..'ની પૂર્વધારણા સાથે તે તેનું જીવન સમાન બૌદ્ધિકતા છતાં કેવું હોત તે વિષે ચર્ચા કરી, સમાજના બંધન અને ત્રાસથી આત્મહત્યા સુધી પહોંચતા બતાવે છે. વૂલ્ફની પોતાની આત્મહત્યાનું કારણ પણ આ જ હોય શકે તેવું માનતા વિવેચકો તરફ વિવેચક આપણું ધ્યાન દોરે છે.

મહાદેવી વર્મા ૨૩ વર્ષની યુવાન વયે ગહન વિચારો પ્રસ્તુત કરતો ચિંતનાત્મક નિબંધ લખે છે ત્યારે તેમના વિચારોનો અને તેમણે જે સમસ્યાઓને વાચા આપી છે તેનો વ્યાપ ઘણો બહોળો છે. કજોડા લગ્ન, બાળલગ્ન, વિધવાવિવાહ, સતીપ્રથા, દહેજપ્રથા, વેશ્યાજીવન જેવા અનેક કુરિવાજોને અને સમાજમાં ચાલતી પ્રવૃત્તિને તેમની ચર્ચામાં સામેલ કરીને સ્ત્રીએ રાજકીય અને સામાજિકની સાથોસાથ કળા, વિજ્ઞાન, સંગીત, ઇતિહાસ જેવા દરેક ક્ષેત્રે આગળ વધવું જોઈએ તેની પહેલ કરી છે. નારીમુક્તિ અને તેના માટે સ્ત્રીશિક્ષણની તેઓ પ્રખર રીતે હિમાયત કરે છે. દરેક વર્ગની સ્ત્રીને લાગુ પડે તેવી સમસ્યાઓને વાચા આપી હોવાથી તેમનો વ્યાપ બહોળો બને છે. બંને ગ્રંથોની સંદર્ભસહ ચર્ચા કરીને અંતે વિવેચક નોંધે છે કેઃ 'આમ આપણે જોયું કે મહાદેવી વર્માનું નારીચિંતન 'પોતાનો ઓરડો' જેટલું ખ્યાતિપ્રાપ્ત ભલે ન હોય પરંતુ એમાં દલિતવિમર્શ અને નારીવિમર્શના સમન્વયનો અવકાશ છે. એમના નારીચિંતનમાં ભારતીય પરિવેશમાં કચડાઈ રહેલી ઉચ્ચથી માંડી દલિતવર્ગ સુધીની સ્ત્રીઓના સંદર્ભે ચાલતા નારીવિમર્શનું પ્રસ્થાનબિંદુ બની શકે તેમ છે. વૂલ્ફ અને મહાદેવી વર્મા બેઉ પ્રસ્તુત છે પરંતુ આ

બેઉ સંચયોમાંથી પસાર થતાં મેં અનુભવ્યું છે કે મહાદેવી વર્માની પ્રસ્તુતતા વધુ છે. મહાદેવી વર્માના વ્યાપ, વર્ગવિસ્તાર સંદર્ભે આમ જ કહેવું પડે.' (પૃ.૮૩) જેમાં મારા મંતવ્ય પ્રમાણે બંને ગ્રંથમાંથી પસાર થતાં બેમત ન હોઇ શકે.

છઠ્ઠા પ્રકરણમાં એસ. આર. હરનોટ દ્વારા હિમાચલ પ્રદેશના પરિવેશને લઈને લખાયેલી 'હિડિમ્બ' નવલકથા વિષે અભ્યાસલેખ પ્રસ્તુત થયો છે. ઇ.સ.૨૦૦૪માં પ્રકાશિત થયેલી નવલકથામાં પૌરાણિક સંદર્ભને વર્તમાન સાથે જોડીને હિડિમ્બ જેવા રાક્ષસી વૃત્તિ ધરાવતા રાજનેતાઓની હાજરીને દર્શાવવામાં આવી છે. કથાનાયક શાવણૂ, તેની પત્ની સુરમા દેઇ, એક દીકરી સુમા (મુન્ની), એક દીકરો કાંસીરામ (છોટુ) ના નાનકડા પ્રમાણે સાધારણ આવક ધરાવતા પરિવારનું ગુજરાન વીસેક વીઘા જમીન દ્વારા ચાલે છે. કાહીકાના લોકઉત્સવમાં પિતાના મૃત્યુ બાદ મળેલી આ જમીન તેના માટે ખૂબ મહત્વની છે. ચૂંટણીમાં પ્રચાર કરવા આવેલા રાજનેતાને આ જમીન ગમી જાય છે અને ત્યાં હોટલ બનાવવાના વિચારથી તે જમીન પડાવી લેવા માટે ધમકાવવાનું શરૂ કરે છે. આ ષડયંત્રો માટે તે તેના ત્રણ માણસોને શાવણૂના ઘરે મોકલે છે ત્યારે તેની પત્ની ધારિયું લઈને પ્રબળ જુસ્સાથી મંત્રીના માણસોને ધકેલે છે. આ ઘટના કહેવાતા નિમ્ન વર્ગની સ્ત્રીઓની હિમ્મત અને નીડરતાના દર્શન કરાવે તેવી છે. દીકરાને ખોયો છતાં તેનું સાહસ ઘટતું નથી. ધારિયું લઈને ફરતી સુરમા મંત્રીના માણસનું લિંગ કાપીને હાથમાં લઈને નાચે છે એ દ્રશ્ય અપ્રતિમ સાહસ અને સ્ત્રીના રૌદ્ર સ્વરૂપને રજૂ કરે છે. નવલકથામાં સુરમાની બળાત્કારનો પ્રયાસ અને હત્યા બાદ પણ શાવણૂ રાજનેતા સામે નમતું જોખવા તૈયાર થતો નથી. દીકરી મુન્નીનું વિદેશી સાથે લગ્ન નવલકથામાં પાશ્ચાત્ય સંસ્કૃતિ દ્વારા જ્ઞાતીના વાડાને બાજુ પર રાખીને આવકારતી મુક્તિને દર્શાવે છે. શાવણૂ અંતે હોસ્પિટલ બનાવવા માટે જમીન દાનમાં આપી દે છે પણ હારતો નથી. એક નાનકડા દલિત પરિવારના માણસની સાહસ અને આત્મવિશ્વાસની આ કથાના અભ્યાસ દ્વારા ડો. નિવ્યા પટેલ આપણને દલિતવર્ગ અને સ્ત્રીવર્ગની આત્મસન્માનની કથા તરીકે રજૂ કરે છે.

સાતમા પ્રકરણ 'ઘટશ્રાદ્ધ'માં કન્નડ વાર્તાના પિતા તરીકે ઓળખાતા માસ્તિ વેંકટેશ અય્યંગાર વિષે પરિચય આપી ત્યારબાદના મહત્ત્વના વાર્તાકાર શ્રી યૂ. આર. અનંતમૂર્તિ વિષે ટૂંકમાં પરિચય આપી તેમની બહુ લોકપ્રિય વાર્તા 'ઘટશ્રાદ્ધ' જેના પરથી 'દીક્ષા' નામની ફિલ્મ પણ બની છે તેની વિશેનો અભ્યાસ રજૂ કરે છે. તેમાં બ્રાહ્મણ સમાજની યુવાન વિધવા સ્ત્રીની દશા બતાવવામાં આવી છે. બ્રાહ્મણ આચાર્ય શેષગીરી ઉડુપજીને ત્યાં ભણવા આવેલ નાળી યજ્ઞોપવીત બાદ મંત્રજાપ શીખવા માટે ભણવા મૂકવામાં આવે છે. અન્ય બે કિશોરો વિશ્વનાથ શાસ્ત્રી અને ગણેશ ઉઠ વેદ ભણવા માટે ત્યાં આવ્યા હોય છે. આચાર્યની પત્નીના મૃત્યુ બાદ પિતાની સંભાળ રાખવા માટે યુવાન વિધવા યમુના પિતા સાથે રહે છે. આચાર્યના પ્રવાસ દરમિયાન પાસે રહેતા શિક્ષસ સાથેના સંબંધ દ્વારા યમુના ગર્ભવતી બને છે. દલિત કુટુંબની સહાયથી તેનો ગર્ભપાત થાય તેની વ્યવસ્થા કરી શિક્ષક ભાગી જાય છે અને ગામમાં વાત ફેલાઈ જાય છે. આચાર્ય પાછા આવતાં તેમને કાને વાત પડતાં તેઓ યમુનાનો ત્યાગ કરે છે, જ્ઞાતિ બહાર કરે છે અને જીવતેજીવ તેનું શ્રાદ્ધ પણ કરે છે. યમુના બાદ કોઈ ધ્યાન રાખનાર ન હોવાથી ૭૦ વર્ષના આચાર્ય નાની બાળકી સાથે લગ્ન કરતાં ખચકાતાં નથી. બ્રાહ્મણ અને ઉચ્ચ ગણાતા સમાજના દંભને ખુલ્લો પાડવા માટે આ વાર્તા ચોટદાર અસર કરી જાય તેવી છે. વિવેચક આ સંદર્ભે નોંધે છે કેઃ ' 'આત્મા એ પરમાત્મા'ની બાંગો પોકારનાર આપણા સમાજમાં પુરુષો વિશેષાધિકારો ધરાવે છે. જ્યારે સ્ત્રીઓ સંવેદનાને કચડીને કેવળ સમાજ જ નહીં, પોતે પણ પોતાને પાપી માનતી થઈ જાય એ હદે માનસિક ગુલામી ભોગવી રહી છે.' (પૃ.૯૬) નાળીની માના મોંએથી નીકળેલા ઉદગારો આ માનસિક ગુલામી અને સ્ત્રીની પોતાની અજ્ઞાનતા છતી કરે તેવા છે. વિવેચક આપણી સમક્ષ આ પ્રકરણમાં વાર્તાની ચર્ચા દ્વારા સ્ત્રી પ્રત્યે સમાજની રોગીષ્ઠ માનસિક સ્થિતિનું ઉદાહરણ મૂકી આપે છે.

આઠમા પ્રકરણમાં સુભદ્રાકુમારી ચૌહાણની લોકપ્રિય કવિતા 'ઝાંસી કી રાની'ને વિપ્લવની લોકપ્રિય કૃતિ તરીકે અભ્યાસમાં લીધી છે. ઇ.સ. ૧૯૦૪થી ઇ.સ. ૧૯૪૮ના સમયગાળામાં થઈ ગયેલ કવિયિત્રીએ ભારતના સર્વશ્રેષ્ઠ કવિયિત્રીઓમાં સ્થાન પામ્યું. તેમની આ કવિતામાં તેમના પોતાના મહાદેવી વર્મા, માખનલાલ ચાતુર્વેદીશ્રી જેવાના સંસ્કાર અને

ગાંધીજીનો તે સમયનો પ્રભાવ ઝીલાઈ આવે છે તેની વાત કરી વિવેચક ઇ.સ. ૧૮૫૭ના બળવા અને તેની નિષ્ફળતા વિષે ચર્ચા કરે છે. લેખની શરૂઆતમાં જ આખી કવિતાનો પાઠ મૂકેલો છે. ઝાંસી કી રાનીની બાળપણથી લઈને મૃત્યુ સુધીની વાત આ કવિતામાં છે. ગ્વાલિયરનો કબજો અને ફિરંગીઓ સામેની નીડર લડાઈ બાદ શહીદ થનાર તેઓની ગાથા આ કવિતામાં છે. વિવેચક નોંધે છે કેઃ 'આ ઉપરાંત આ કવિતા વીરગાથા કે શૌર્યગાથા નથી. એમાં ઇ.સ. ૧૮૫૭ના વિપ્લવ પાછળના કારણો, અંગ્રેજોનું આગમન અને એમના સામ્રાજ્યનો વિસ્તાર, એમની નીતિઓ ઉપરાંત ક્રાંતિકારીઓના વિદ્રોહનો એક ઇતિહાસ કે દસ્તાવેજ રજૂ કરે છે.' (પૃ.૧૦૫)

દસ્તાવેજી હકીકતો કવિતામાં કઈ રીતે વણાઈ છે તેને વિવેચક સંદર્ભસહ રજૂ કરે છે. ભારતીય રજાઓ જે અંગ્રેજોના મિત્રો હતા જેને કારણે વિદ્રોહ અસફળ થયો તે પણ આ કવિતામાં વ્યક્ત કરાયું છે. કવિતાને સારી રીતે સમજવા માટે વિવેચક તેને ત્રણ ભાગમાં વહેંચે છેઃ પહેલા ભાગમાં ઐતિહાસિક તથ્ય અને ૧૮૫૭ના વિપ્લવનો સાર, બીજા ભાગમાં અંગ્રેજોનું આગમન; એમનો સામ્રાજ્ય વિસ્તાર, એમની નીતિઓ અને ત્રીજા ભાગમાં લક્ષ્મીબાઈની વીરતાનું વર્ણન છે. લક્ષ્મીબાઈને 'મર્દાની' વિશેષણથી સંબોધવામાં આવ્યા છે. તેની નવીનતા રજૂ કરીને સ્વાતંત્ર્ય સંગ્રામમાં લોકોની તાકાત વધારવા માટે કવિતા કેવી પોષક બની રહે છે તેની વાત કરે છે. ત્યારબાદ ઝાંસીના કિલ્લાના પ્રવેશદ્વાર પર એક મોટી શીલા પર કોતરાયેલી આ કવિતા પર કવિયિત્રીનું નામ જોવા મળતું નથી તેનો ઉલ્લેખ કરે છે. 'બુંદેલ હરબોલો' દ્વારા ગામે-ગામે પ્રભતિયા તરીકે કવિતા ગાઈને તેનો પ્રચાર કરવા માટે કવિયિત્રીએ વખાણ કર્યા છે. અત્યંત જોશ પૂરું પાડતી લોકકંઠે ગવાયેલી આ કવિતાની તાકાત એટલી હતી કે અંગ્રેજોએ જપ્ત કરવી પડી! આમ, એક સ્ત્રીની શૌર્યગાથાની લોકપ્રિયતા અને તેની સાથે કવિતામાં જોડવામાં આવેલા દસ્તાવેજી સંદર્ભો પ્રતિ વિવેચક આપણને સભાન કરી આપે છે.

નવમું પ્રકરણ રણછોડભાઇ ઉદયરામ દવે દ્વારા નવજાગરણકાળમાં લખેલ 'લલિતાદુ:ખદર્શક' કરુણાંત નાટક વિષે છે. કજોડના પ્રશ્નને લઈને આવતું આ નાટક સંવત

૧૯૨૨ના પોષ માસમાં એટલે કે ઇ.સ. ૧૮૬૫ના ડિસેમ્બરમાં લખાયું. વિવેચક આ નાટક વિષે વાત કરતાં પહેલાં તે સમયની સામાજિક પરિસ્થિતી, તે સમયના સામાજિક પ્રશ્નોને ધ્યાનમાં રાખવાનું સૂચન કરી સમાજ સુધારકોના કાર્યો અને ૧૯મી સદીમાં પ્રવર્તેલ માન્યતાઓ વિષે પરિચય આપે છે. ચૌદ જેટલા શિષ્ટ નાટકો આપનાર રણછોડભાઈ આ નાટક કેમ લખે છે તેનો હેતુ સ્પષ્ટ કરાયો છે. આ નાટકની સમાજમાં કેટલી પ્રબળ અસર પડી તે ચર્ચી વિવિધ વિચારકો અને વિવેચકોના મત તેઓ જ્યાં જરૂર પડે ત્યાં આપીને આ નાટકના વ્યાપનો ચિતાર આપે છે. જેમાં હર્ષદરાય દેસાઇ, ચંદ્રકાન્ત ટોપીવાળા, શ્રી અડાલજા, હિંમતલાલ અંજારિયા, નંદનાથ કેદારનાથ દીક્ષિત, મણિલાલ દ્વિવેદી, ચુનીલાલ રામચંદ્ર શેલત, ડો. મહેશ ચોકસી, જશવંત શેખડીવાળા, સતીશ વ્યાસ, કવિ શ્રી લલિત, રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક, શંકરલાલ ગંગાશંકર શાસ્ત્રી, પ્રફુલ્લ મહેતા, મોહનલાલ પાર્વતીશંકર દવે, અનંતરાય રાવળ વગેરે વિવેચકોનો મત રજૂ કરે છે. જેમાં આ નાટકનો કરૂણાંત, તેની કથાવસ્તુ 'સરસ્વતીચંદ્ર'ની કાચી સામગ્રી, નાટક તરીકે તેની વિશિષ્ટતા-મર્યાદા વગેરેની વિગતે ચર્ચા કરવામાં આવી છે. પાંચ અંક અને ૪૦ પ્રવેશોમાં વહેંચાયેલું આ નાટક લલિતાના નંદનકુમાર સાથે કજોડાલગ્ન, નંદનકુમારનો ગણિકા સાથે સંબંધ, લલિતાની સાસુ અને નણંદનો ત્રાસ, ત્યાંથી ભાગી જતાં વિવિધ પ્રયાસો કરીને બચતી લલિતા પોતાના ગામે આવતા ભૂત માનતા માં-બાપ, આવા ત્રાસદાયક જીવનનો અંત આણવા માટે આત્મહત્યા કરતી લલિતા- આટલા મુખ્ય પ્રસંગોમાં વહેંચાયેલ આ નાટક તે સમયના પ્રેક્ષકો ઉપર ગજબ અસર કરી ગયું હતું. તેના ભજવણીના વિવિધ સ્થળે પ્રયોગો અને વાસ્તવિક થયેલા કે નક્કી કરવામાં આવેલ લગ્નો પર તેની અસર, કુરૂઢીઓને રજૂ કરવાની રીત, આ નાટકની અન્ય નાટકો પર અસર અને તેનું અનુકરણ વગેરે વિષે ચર્ચા કરતાં ડો. નિવ્યા પટેલ તેના જેવા અનુકરણ દ્વારા રચાયેલ નાટકોના ઉદાહરણ પણ પૂરા પાડે છે.

સામાન્ય રીતે લખાયેલું નાટક કેવી વિશિષ્ટ અસર કરી જાય છે તે દર્શાવવા માટે વિવેચક તેને વિશિષ્ટ બનાવતા બધાં જ પાસાઓને ધ્યાનમાં લઈને વિગતે આ નાટકની ચર્ચા કરે છે. નાટકમાં આવતી પદ્યરચનાઓ અને રાગ-રાગિણીઓ વિષે પણ વિવેચકે આ લેખમાં વાત

કરી છે. લેખના અંતે આ પ્રકારનું નાટક રચાયા પછી આજના નાટકો કઈ દિશામાં ફંટાય છે તે દર્શાવી સ્ત્રીની સમસ્યાઓ, સ્ત્રીનું માનસ રજૂ કરતાં 'લલિતાદુઃખદર્શક' જેવા સામાજિક ક્ષેત્રે અસર કરે તેવા નાટકો રચાવા જોઈએ તેવી ઇચ્છા દર્શાવે છે. આટલા બધાં સમૂહ માધ્યમોની ઘેલછામાં જીવતા આજના પ્રેક્ષકો નાટક જેવા માધ્યમથી દૂર જઇ રહ્યા છે. આવા સમયે સમાજમાં ચાલતી અને વધતી જતી અસામાજીક ઘટનાઓ, હિંસા, અત્યાચારોને કથાવસ્તુ તરીકે લઈને બનતી ફિલ્મો કે નાટકો આંગળીના વેઢે ગણવા પડે એવી સ્થિતિ ઊભી થઈ છે તે આજના સમયની વક્રતા છે.

દસમા પ્રકરણમાં 'લીલાવતી જીવનકલા' ગોવાર્ધનરામ ત્રિપાઠી દ્વારા તેમની દીકરી વિષે લખાયેલ ચરિત્ર વિષેનો અભ્યાસ રજૂ થયો છે. આ ઉપરાંત, મહીપતરામ નીલકંઠ દ્વારા પત્ની વિષે લખાયેલ 'પાર્વતીકુંવાર આખ્યાન'ની પણ આ સંદર્ભે ચર્ચા કરી આ બંને કૃતિઓનું મહત્વ અને તે બંનેના અભ્યાસ દ્વારા સ્ત્રી પ્રત્યે પુરુષોનો બદલાતો જતો દ્રષ્ટિકોણ પણ લક્ષમાં લઈ શકાય તે જણાવે છે. સર્જન કે સર્જનેતર લખાણોમાં પુરુષ લેખકો સ્ત્રીનું ચિત્રણ કઈ રીતે કરે છે તેના ઉદાહરણરૂપ આ બંને કૃતિ મહત્ત્વ ધરાવે છે. આ ચરિત્રલેખનનો હેતુ લીલાવતીના 'જીવનના મર્મભાગના અને ઉદગારોના પ્રકટીકરણમાં સંસારને માટે કંઇક બોધ'(પૃ.૧૩૨) આપી શકાય તે છે. ગોવર્ધનરામના મતે 'આદર્શ વ્યક્તિ' તરીકે લીલાવતીના જીવનનો ઉછેર, તાલીમ, સ્વસુરગૃહે તેનો વ્યવહાર, તેનું વાંચન, તેની માંદગી અને મૃત્યુ પામેલી દીકરીના આઘાતથી વ્યથિત તેમના ઉદગારો વગેરે આ ચરિત્રલેખનનો ભાગ છે. વિવેચક લીલાવતીના પાત્રને કુમુદસુંદરી ('સરસ્વતીચંદ્ર'નું પાત્ર)ના પાત્ર સાથે પણ સરખાવે છે. ગોવર્ધનરામ પણ તેમની દીકરીને ગુણસુંદરી ('સરસ્વતીચંદ્ર'નું પાત્ર) સાથે સરખાવતા પત્રનો સંદર્ભ પણ વિવેચક આપણને મૂકી આપે છે.

પોતાના નીતિ-નિયમોને સખત રીતે પાડનારી લીલાવતીને પોતાના આદર્શ છે. વિવેચક એક સ્થાને તેના આદર્શને અનુલક્ષીને નોંધે છે કેઃ 'પોતાના સ્વામિનું આરોગ્ય ઈચ્છી પોતાનો

જીવ એણે જોખમમાં નાખ્યો તે જાણી જોઈને નાખ્યો, અને તે જોખમ તે ભય પોતાને પ્રાપ્ત થયું તેથી તે ચમકી નહીં, દુખી થઈ નહીં, તેને કોઈ પશ્ચાતાપ થયો નહીં.

કહી શકાય કે આવા આદર્શમૂર્તિ બનવાના સિદ્ધાંતને કારણે જ લીલાવતી અણસમજુ શહીદ બનીને મારી ગઈ.' (પૃ.૧૩૮) 'સરસ્વતીચંદ્ર'માં કુમુદનો પુનર્વિવાહ ન થવો જોઈએ તેવી પિતાને હિમાયત કરતી લીલાવતીના આદર્શો પ્રેરણાદાઈ નથી. તે વિષે વિવેચકે અંતે લખેલ વિધાન સાચું છેઃ 'આ બતાવે છે કે એમને કરેલી લીલાવતીની પ્રશંસા એ હકીકતે બીજા માં-બાપોને પ્રેરણા આપે તેવી રહે જ નહીં. ગોવર્ધનરામે આપેલો આદર્શ આજે પણ ફિલ્મોમાં, સિરિયલોમાં પ્રચલિત અને લોકપ્રિય છે. ડોમેસ્ટિક એન્જલ, હુતાત્મા, શહીદ, બલિદાન આપતી સ્ત્રી, ક્ષમા આપતી સ્ત્રી એ સ્વીકૃતિ પામતા સ્ત્રી પ્રતિમાનો છે ત્યાં સુધી કે નોકરી કરતી સ્ત્રીઓ પાસે પણ આ ગુણોની અપેક્ષા રખાય છે. ગોવર્ધનરામના આ નારીલેખનમાંથી ઊભું થતું નારીપ્રતિમાન જેટલું વહેલું કાળગ્રસ્ત થાય એટલું સારું.' (પૃ.૧૩૮)

આગિયારમા પ્રકરણ 'પરંપરાથી પ્રગતિ ભણી પ્રયાણ કરતી નારીનો સાક્ષાત્કારઃ 'પાર્વતીકુંવાર આખ્યાન'' માં જીવનચિત્રો વિષે ટૂંકમાં પરિચય આપી કૃતિની ચર્ચા થઈ છે. ઈશ્વર બાદ રાજા પર લખાયેલા અને મિત્રો પર લખયેલા જીવનચિત્રોનો પરિચય આપી પતિ દ્વારા પત્ની પર લખાયેલ પ્રથમ જીવનચિત્ર તરીકે 'પાર્વતીકુંવાર આખ્યાન'નો અભ્યાસ કરાયો છે. મહીપતરામ નીલકંઠ દ્વારા આ જીવનચિત્ર ઇ.સ.૧૮૮૧ માં રચાય છે. તેમનો હેતુ તરુણીઓને સુબોધ માટે જીવનચિત્ર લખાય તેવો હતો. તેઓ ગુજરાતનાં પ્રથમ સ્ત્રી ગ્રેજયુએટ વિદ્યાબહેન નીલકંઠના સાસુ હતા. આ જીવનચિત્રમાં જન્મ, ઉછેર, લગ્નજીવન, સંતાનપ્રાપ્તિ, પતિને ઈંગ્લેન્ડ મોકલવાનો નિર્ણય, નાત બહિષ્કાર સહેવો, સ્ત્રી મિત્રો બનાવવા, સ્ત્રી કેળવણી પર ભાર, પ્રાર્થનાસભામાં સભ્યપદ, બાળલગ્ન વિરોધ ઝુંબેશમાં ભાગ, મૃત્યુ પછી કૂટવાનો રિવાજ ન કરવો- વગેરે જેવી બાબતોને સમાવિષ્ટ કરાઇ છે. વહેમો અને અંધશ્રદ્ધાનો અડગતાથી વિરોધ કરતું તેમનું ચરિત્ર ઉમદા છે. વિવિધ ગ્રંથોનું વાંચનનો શોખ ધરાવતા પાર્વતીકુંવરને અંગ્રેજી શીખવાની પણ ઇચ્છા હતી પરંતુ પોતાના કામમાં વ્યસ્ત અને અંગ્રેજી કેટલું કામ લાગશે તેની

આશંકા ધરાવતા મહીપતરામે તેમણે વધુ પ્રોત્સાહન ન આપ્યું તે બાજુ વિવેચક આપણને ધ્યાન દોરે છે. પતિ અને બાળકોને પ્રગતિશીલ કાર્યો અને શિક્ષણમાં સાથ આપનાર પાર્વતીકુંવર વિદેશ જવા માટે અને પાછા આવતા જ્ઞાતિબહાર કઢાતા પણ હિંમત હારતા નથી, ત્યાં સુધી કે મહીપતરામની હિંમત પણ ખૂટી પડે છે પણ પાર્વતીકુંવર અડગ રહે છે.

આમ, અત્યંત કુશળ, શિક્ષણપ્રેમી, સમાજ સુધારણાન કાર્યો માટે તૈયાર, પ્રગતિશીલ વિચારો ધરાવતી સ્ત્રીના જીવન વિષે પરિચય આપતું 'પાર્વતીકુંવર આખ્યાન' ખૂબ મહત્ત્વની કૃતિ છે. ગદ્યમાં લખાયેલ આ કૃતિના શીર્ષક વિષે પણ વિવેચક ચર્ચા કરે છે. તેને પદ્યમાં રૂપાંતરિત કરવા માટેના ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના પ્રયત્નો અને અંતે ગણપતરામ રાજારામ ભટ્ટ દ્વારા પદ્યમાં 'પાર્વતીકુંવર ચરિત્ર'નું સર્જન વગેરે બાબતોને સાંકળતા આ અભ્યાસ લેખમાં સ્ત્રી વિમર્શની પરંપરામાં મહત્વની કૃતિ તરીકે તેનો અભ્યાસ અત્યંત પ્રસ્તુત બની રહે છે. 'લીલાવતી જીવનકલા'ની સરખામણીમાં આ કૃતિ ખરા વાચકને વધુ સુબોધયુક્ત લાગશે. કારણકે પરંપરામાંથી ઊર્ધ્વગતિ પામી પ્રગતિશીલ નારીની કથા બને છે વિવેચકના આ અભિપ્રાય સાથે સૌ સહમત થાય એ સ્વાભાવિક છે.

પ્રકરણ ૧૨માં 'થઈશ તુજ જેવડી' ઉમાશંકર જોશી લિખિત કવિતાનો અભ્યાસ છે. વિવેચકે તેનું શીર્ષક આ રીતે આપ્યું છે-'નાની આંખે વ્યાપક દર્શનઃ 'થઈશ તુજ જેવડી''. અલ્પખ્યાતિ પામેલી આ રચનાનો સમીક્ષા રજૂ કરતાં પહેલાં વિવેચક આપણને ઉમાશંકરની અન્ય સ્ત્રીની વિવિધ છબી દર્શાવતી 'સાપના ભારા', 'બારણે ટકોરા', દુર્ગા, 'ઊડણચરકલડી', 'પારખું', 'મારી ચંપાનો વર' વગેરે કૃતિ તરફ અંગુલિનિર્દેશ કરે છે. સ્ત્રીની વિવિધ લાગણીને વાચા આપતો આ સર્જક આ નાનકડી કવિતા દ્વારા ઘણું બધું કહી જાય છે.

માની બધી જ વાતો, બધાં જ કામોનું અનુસરણ કરતી નાની છોકરી અન્ય બાળસહજ રીતે તેની માને જણાવે છે કે તે બધું તેની જેમ જ કરવા માંગે છે. હજુ નાની બાળકી માની તે બધું નહીં કરી શકે તે મા જાણે છે તેમ છતાં બાળકી બધું આવડતું હોવાની વાત કરે છે. મા-બાપ જ્યારે એક સમયે લડે છે ત્યારે પ્રેમ હોવાથી બાપને પસ્તાવો થતાં તે ઘરની બહાર જતો

રહે છે જ્યારે મા રડી રહી છે તે જોઈને બાળકીની જે પંક્તિ મૂકાઈ છે તે હૃદયદ્રાવક અને ચોટદાર છેઃ

'રડીશ બા! હુંયે જ્યાહરે
થઈશ તુજ જેવડી?'

સ્ત્રીના નસીબની ચક્રાકાર ગતિની અહીં વાત કરવામાં આવી છે. કેવળ ઘરકામ અને શણગાર કરવાથી સ્ત્રી નથી બની જવાતું, તેને પતિનું માલિકીપણું સ્વીકારીને નમતું ઝોખવાનું છે, રડવાનું છે અને અન્યાય સહન કરવાનો છે તેવું જાણ થતાં જ બાળકીને તે ન ગમતા તે આ પ્રશ્ન કરે છે. આમ, સ્ત્રી તરીકે જન્મ લેતા સહન કરવી પડતી વિડંબનાઓને નાનકડી કવિતા દ્વારા સર્જક આપણી સમક્ષ મૂકી આપે છે. 'સ્ત્રી વિમર્શ'માં આ કવિતાના અભ્યાસનો સમાવેશ પ્રસ્તુત બને છે. વિવેચક 'નાની મારી આંખ'ને પણ આ સંદર્ભે સાથે મૂકીને બંને કવિતામાં નાની આંખે થતાં વ્યાપક દર્શનને રજૂ કરે છે.

તેરમા પ્રકરણમાં દર્શના ત્રિવેદીની પ્રથમ નવલકથા 'પાનખરની બીક ના બતાવો'નો અભ્યાસ છે. સર્જકે જ આપેલા ઉપશીર્ષક પરથી વિવેચકે પ્રકરણનું શીર્ષક રાખેલ છેઃ 'પીડા અને વેદનામાંથી સર્જન તરફ ગતિ કરતી નારીની કથા.' શ્યામલી નામના મુખ્ય પાત્રની આ વ્યથાકથા અને સંઘર્ષોની કથા છે જેને અંતે નાયિકાને સુખ-દુઃખ સમાન લાગે છે. રંગમંચ દેવતાની આખી જિંદગી આરાધના કરી જીવતી શ્યામલી એક વિખ્યાત અભિનેત્રી અને દિગ્દર્શક છે. નાયિકાના જીવન સંઘર્ષની વાત કરી વિવેચક ઋતા અને માનસી નામના પાત્રો વિષે પણ ટૂંકો પરિચય આપી આખી કથાવસ્તુમાં નાયિકા કેવી રીતે અને ક્યાં-ક્યાં સંઘાર કરે છે તે બતાવાયું છે. શ્યામલીએ સહેલા અન્યાય અને પુરુષસત્તાક સમાજમાં પુરુષ પાત્રો તરફથી મળેલ અન્યાયથી એટલી હદે ત્રાસી જાય છે કે તેનું સર્વસ્વ તે રંગદેવતાની આરાધનામાં સોંપીને જીવનમાં આગળ વધે છે. વૃદ્ધ થયેલી શ્યામલી ઋતાને જીવનકથા લખવા માટે પોતાની આખી જીંદગીનો ચિતાર આપે છે. ઘણાં ચિંતનાત્મક વિધાનોમાં લેખિકાના અધ્યાપિકા તરીકેની અસર પડ્યા વિના નથી રહેતી તેના માટે વિવેચક સહસંદર્ભ વાત કરે છે. અંતે શ્યામલીને 'રંગભૂમિની મીરાં' કહેવાઈ છે અને નવલકથા સર્જકે 'રંગભૂમિની મીરાં- દામિની મહેતા'ને અર્પણ કરી છે તે બંને સામયો દ્વારા આ નવલકથા દામિની મહેતા વિષે હોય શકે તેવી સંભાવના બતાવે છે.

ચૌદમા પ્રકરણમાં ડો. નિવ્યા પટેલ 'વિદ્રોહી નારીચેતના: પંડિતા રમાબાઈ 'સરસ્વતી'' વિષે વિગતે અભ્યાસ રજૂ કરે છે. વિશ્વ ધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદ સાથે હજાર હતા એવા પંડિતા રમાબાઈના જીવન, તેમનો વિદ્વાન પિતા દ્વારા ઉછેર, અન્ય પરિવારજનોનું એક પછી એક મૃત્યુ, ત્યારબાદ શરૂ થયેલ તેમનું અત્યંત સંઘર્ષમય જીવન, તેમના સમાજ સુધારણાના કાર્યો, ધર્મપરિવર્તન, વિદેશમાં સુધારણા, તેમના ધર્મ પરીવર્તન સામે ટીળક જેવા સુધારકોની ટીકા, તેમણે સ્ત્રીઓ માટે ખોલેલી સંસ્થાઓનો પરિચય, તેમના લગ્ન અને મૃત્યુ સુધીના તમામ પાસાઓને આવરી લઈ આખું જીવન તેમણે અન્યાયોના વિદ્રોહ માટે વિતાવ્યું છે તે ઉમદા ચિત્ર આપણી સમક્ષ વિવેચક રજૂ કરે છે. 'કેસર હિન્દ' નો ઍવોર્ડ મેળવનાર પંડિતા રમાબાઈએ સમાજ સુધારણા અને ખાસ કરી સ્ત્રી અન્યાય સામે વિરોધ કરતાં ઘણાં કાર્યો કર્યા છે તો વિધવા, બળાત્કારનો ભોગ બનેલી, વૃદ્ધ, બાળવિધવા વગેરે સ્ત્રીઓ માટે સંસ્થાઓ પણ સ્થાપી. 'ઉચ્ચવર્ણની હિન્દુ સ્ત્રી' અને 'દુષ્કાળના અનુભવો' જેવા તેમના પુસ્તકો અને લેખો મહત્વના છે. 'આર્ય મહિલા સમાજ', વિધવાઓ માટે 'શારદા સદન', 'ધી રમાબાઈ એસોસિએશન' (યુ.એસ.), દુષ્કાળગ્રસ્ત સ્ત્રીઓની મદદ માટે 'મુક્તિ સદન', બ્રેઇલ અંધ સ્ત્રી શિક્ષણ માટે અને અત્યાચારોનો ભોગ બનેલી સ્ત્રીઓ માટે 'કૃપાસદન'ની સ્થાપના કરી. માત્ર ઉચ્ચ જ્ઞાતિની સ્ત્રીઓને નહીં પણ દરેક વર્ગ અને દરેક જ્ઞાતિની સ્ત્રીઓને તેઓએ મદદ કરી છે. શિક્ષણ, નર્સિંગ, શિવણકામ, એંબ્રોડરી, ભરતગૂંથણ, બાગાયત, કાર્પેટ અને પ્રિંટિંગ પ્રેસ આ બધી જ તાલીમ સંસ્થામાં રહેતી સ્ત્રીઓને અપાતી. હંટર કમિશન સમક્ષ સ્ત્રી શિક્ષણ અને આરોગ્યને લગતી માંગણી માટે તેઓએ પ્રખર રીતે રજૂઆત કરી. ડી. કે. કર્વે સાથે લગ્ન કરીને ખોલેલી કન્યાશાળા આજે એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીમાં પરિણમી છે તે વિષે વિવેચક આપણું ધ્યાન દોરે છે. ઇ.સ. ૧૮૫૮ માં જન્મેલ પંડિતા રમાબાઈ ઇ.સ. ૧૯૨૨ માં મૃત્યુ પામે છે.

તેમના તમામ સ્ત્રીઓની સ્થિતિ સુધારવા માટેના અને પગભર બનાવવા માટેના કાર્યો અને અન્ય સ્તરે કરેલા સુધારણાના કાર્યોને સાલવારી સહિત વિવેચક રજૂ કરે છે. તેમના કામની મહત્તા સ્ત્રી વિમર્શની ભારતીય પરંપરામાં કેટલું મહત્ત્વનું સ્થાન ધરાવે છે તે રજૂ કરતો આ લેખ પ્રસંશનીય છે.

પંદરમાં પ્રકરણમાં વિલક્ષણ એવી જર્મેન ગ્રીયરની વિચારણા વિષે લેખ પ્રસ્તુત કરાયો છે. જર્મેન ગ્રીયરનું 'ધ ફિમેલ યુનક' નામનો ગ્રંથ અને નાઓમી વૂલ્ફના 'જેંડર ક્વેક' નામના ગ્રંથનો ઉલ્લેખ કરી ઇ.સ. ૧૯૯૩માં પ્રકાશિત 'ધ ફિમેલ યુનક'ની ચર્ચા કરે છે. હિન્દીમાં મધુ જોશી દ્વારા 'વિદ્રોહી સ્ત્રી' તરીકે થયેલ તેના અનુવાદને ધ્યાનમાં લઈને આ લેખ કરવામાં આવ્યો છે. જર્મેન ગ્રીયરના જન્મ, અભ્યાસ અને પરિચય આપી તેમના નારીચિંતનનું પરિમાણ કઈ રીતે અલગ છે તેની ચર્ચા કરે છે. વિવેચક કહે છે કે : 'કેટલીકવાર તો એવું લાગે છે કે જર્મેન ગ્રીયર સ્ત્રીવર્ગની ટીકાકાર છે. પરંતુ સ્ત્રી સમસ્યાને સમજવા માટે એમનો રસ્તો દ્વંદ્વાત્મક છે.' (પૃ.૧૭૭) તેઓ શરીરવિજ્ઞાન, મનોવિજ્ઞાન અને જીવવિજ્ઞાનની કેટલીક પૂર્વધારણાઓને પડકારે છે. જર્મેન ગ્રીયર પહેલી વાર એની વિચારણમાં વર્ગભેદને દાખલ કરે છે. મજદૂરવર્ગ અને નોકરીયાત વર્ગની સ્ત્રીઓની ચર્ચા કરી ભૂખે મારતી, આત્મહત્યા કરવા દોરવાતી અથવા વેશ્યામાર્ગે વળતી સ્ત્રીઓની ખાસ ચર્ચા કરી છે. જર્મેન ગ્રીયરનો આક્ષેપ આ પ્રકારનો છેઃ 'નેતૃત્વ કરી રહેલી સ્ત્રીએ પોતાના વર્ગને દગો દઈને પુરુષસત્તા સાથે પોતાના સ્વાર્થ માટે સમાધાન કર્યું છે,' (પૃ.૧૭૮) સ્ત્રીન સૌંદર્યના ખયાલ વિષે પણ તેઓએ કટાક્ષ કર્યો છે. 'અ ડોલ્સ હાઉસ'ની નોરા વિષે તે વાત કરતાં કહે છે કે હેલ્મરને છોડતી નોરા નિરાધાર તો બને છે પણ સ્વતંત્ર પણ બને છે. લિંગ, શરીર, કુટુંબ, વિવાહ, સલામતી, કામકાજ વગેરે નાના શીર્ષકો ધરાવતા પ્રકરણોમાં વિવિધ વિષય અંગે વિચારણા કરતા જર્મેન ગ્રીયરની વિચારણા નૂતનવાદી છે. માસિકધર્મમાં અશુદ્ધ માનવામાં આવતી સ્ત્રી વિષેની માન્યતાઓને લઈને ધર્મની અંધશ્રદ્ધાની વાત કરવામાં આવી છે.

છેલ્લા પ્રકરણ 'ક્રાંતિ'ની વાત કરતાં કહે છે કે જર્મેન ગ્રીયર આજના ઉપભોકતાવાદમાં ઉપભોક્તા બનતા રોકવાની વાત કરે છે. આ ગ્રંથ વિદ્યાર્થીઓ માટે ઉપયોગી છે એવું સૂચન કરતાં વિવેચક ગ્રંથમાં સમાવિષ્ટ જ્યોર્જ એલિયટ, શાર્લોટ બ્રોન્ટી, વર્જિનિયા વૂલ્ફ, ડી. એચ. લોરેન્સ, અર્નેસ્ટ હેમીંગ્વે, સિલ્વિયા પ્લાથ, પેટ્રાર્ક, દાંતે, બોકાશિયો, સ્ટ્રીન્ડબર્ગ, ઇબ્સન, શેક્સપિયર વગેરે સર્જકોની કૃતિની ચર્ચા આ ગ્રંથમાં છે તે વિષે ધ્યાન દોરે છે.

સમગ્ર રીતે આ ગ્રંથ વિષે ચર્ચા કરતાં જણાય છે કે ભારતીય સ્ત્રી વિમર્શની પરંપરાને પ્રકાશમાં લાવવાનું કાર્ય આ ગ્રંથ કરે છે. કોઈ એક કૃતિ, એક વિચારક કે પાત્રને લઈને ગુજરાતી સાહિત્યમાં નારી વિમર્શ થયો છે. પરંતુ, મહાદેવી વર્મા, તારાબાઈ શિંદે, પંડિતા રમાબાઈએ ઊભી કરેલી ભારતીય સ્ત્રી વિમર્શની પરંપરા વિષે ભાગ્યે જ કોઈનું ધ્યાન ગયું છે

જેને કારણે ભારતીય સ્ત્રી વિમર્શ પરંપરા ઉપેક્ષિત બની પાશ્ચાત્ય પરંપરાના વર્જિનિયા વૂલ્ફ કે સિમોન-દ-બુવાના નામોની ચર્ચા વધુ પ્રમાણમાં થઈ છે. અન્ય કૃતિલક્ષી ચર્ચામાં પસંદ કરાયેલી કૃતિઓ પણ નવા પરિમાણ સાથે આપણી સમક્ષ ઉઘાડી આપવાનો શ્રેય ડો. નિવ્યા પટેલને જાય છે. જરૂર પડ્યે સંદર્ભો દ્વારા ખૂબ ચોકસાઇથી કરેલું કાર્ય તેમની સ્ત્રી વિમર્શ પ્રત્યેની રૂચિ અને નિસ્બતનું પરિણામ છે. મારા જેવા નારીકેન્દ્રી વિષયો પર સંશોધન કાર્ય કરનારા વિદ્યાર્થીઓ માટે આ પુસ્તક ઘણું ઉપયોગી થઈ રહેશે.

<u>ગ્રંથ સૂચિઃ</u>

૧. સ્ત્રીવિમર્શ, ડો. નિવ્યા પટેલ, પ્રણવ પ્રકાશન, પ્ર. આ.-૨૦૧૩

પરિશિષ્ટઃ ૨

'પાનખરની બીક ના બતાવો' નવલકથામાં નારી છબીના નિરૂપણનો અભ્યાસ

A Presentation Under Departmental Coursework (Phase-II) for Ph.D. Students

પરિશિષ્ટઃ ૨ ‘પાનખરની બીક ના બતાવો’ નવલકથામાં નારી છબીના નિરૂપણનો અભ્યાસ

A Presentation Under Departmental Coursework (Phase- II) for Ph.D. Students

Department of Gujarati

The M. S. University of Baroda, Vadodara

Title of Paper:

પાનખરની બીક ના બતાવો’ નવલકથામાં નારી છબીના નિરૂપણનો અભ્યાસ

Manali Bharatkumar Joshi
Ph.D. Student
Department of Gujarati
Faculty of Arts
The M. S. University of Baroda
Vadodara

Guide:
Dr. Bharat Pandya
Associate Professor
Department of Gujarati
Faculty of Arts
The M. S. University of Baroda
Vadodara

'પાનખરની બીક ના બતાવો' નવલકથામાં નારી છબીના નિરૂપણનો અભ્યાસ

દર્શના ત્રિવેદી લિખિત 'પાનખરની બીક ના બતાવો' તેમની પ્રથમ નવલકથા છે. તેની પ્રથમ આવૃત્તિ નવેમ્બર, ૨૦૦૪માં પ્રકાશિત થઈ. બીજી આવૃત્તિ મે, ૨૦૦૯માં પ્રકાશિત થઈ. સંસ્કૃત ભાષાપ્રેમી દર્શનાબેન અંગ્રેજી ભાષા વ્યવસાયની ભાષા હોવા છતાં ગુજરાતીમાં નવલકથા લખે છે અને તે માટે તેઓ પોતાના માતૃભાષા પ્રેમને કારણભૂત ગણે છે. તેઓ પોતે જ પ્રસ્તાવનામાં નવલકથા વિષે વાત કરતાં જણાવે છે કેઃ 'પોતાની પીડા અને વેદનામાંથી સર્જન તરફ ગતિ કરતી એક નારીની આ કથા છે.'

ઋતા નામનું પત્રકારનું પાત્ર છે. તેની સવારની દોડધામભર્યા નિત્યકર્મના નિરૂપણ સાથે આ નવલકથાની શરૂઆત થાય છે. આ દ્રશ્યમાં કુટુંબના સભ્યોને સાચવતી, પતિ અને દીકરાને જગાડી ઓફિસ અને શાળાએ જવા તૈયાર કરતી, ટિફિન-લંચબોક્સ તૈયાર કરી ઓફિસ માટે ભાગતી નોકરિયાત સ્ત્રીની છબી રજૂ કરવામાં આવી છે. તેની યંત્રવત દોડધામને રજૂ કરતાં લેખિકાએ અહીં બેંધબેસતું વિશેષણ પ્રયોજયું છે. જુઓ આ વિધાનઃ 'ત્રણેય જણાં સાથે જ લિફ્ટમાં નીચે ઉતર્યા. સ્મિત સ્કૂલરિક્ષામાં બેઠો અને ઋતા દોડતી જાણે કે અમિતના સ્કૂટર પર ટીંગાઈ જ પડી.'(પૃ. ૨) ઋતાની આ સવાર નિરાળી બતાવીને લેખિકા ભવિષ્યમાં બનનારી ઘટના વિશે વાચકને તૈયાર કરે છે. અનેક ઈંટરવ્યૂ, ચર્ચાપત્રો અને ઇન્વેસ્ટિગેટિવ રિપોર્ટિંગ કરતી ઋતાને સ્ત્રીઓના પ્રશ્નો વિષે જલદ અને તેજાબી ભાષામાં લેખો લખીને સમાજને ચાબખા મારતા બતાવી છે. સ્ટર્લિંગ પબ્લિશિંગ કંપનીના મેનેજર મિ. પટેલ તેને મહત્ત્વનું કામ સોંપે છેઃ શ્યામલી માનમી અતિવિખ્યાત અભિનેત્રીની જીવનકથા લખવાનું! શ્યામલી અમૃત મહોત્સવ નિમિત્તે આ જીવનકથા પ્રકાશિત થવાની છે. આ કામ સોંપતા જ તેના સહકાર્યકરોમાં ઋતા

પ્રત્યેની ઈર્ષ્યા પણ દર્શાવી છે. ઋતાના ઘરે પાછા ફરતાં તેના દીકરા સાથેના સંવાદ દ્વારા ગૃહિણી અને નોકરિયાત સ્ત્રી વચ્ચેનો ભેદ બતાવવામાં આવ્યો છે.

પતિ અમિતના આવવાના સમયે તે પોતે ઘરમાં જ હોવી જોઈએ, તેને ગરમ ગરમ રસોઈ જ પીરસવી પડે તેવી ફરજો ઋતાને લાગુ પડતી. 'પણ તેને "ગૃહલક્ષ્મી"ની ફરજો નિભાવ્યા સિવાય ક્યાં છૂટકો હતો?' (પૃ.૭) આ વિધાન સૂચવે છે કે નોકરી કરતી સ્ત્રી પાસે ઘરની પણ બરાબર સંભાળ રાખવા માટે કેવી-કેવી અપેક્ષાઓ રાખવામાં આવે છે! ('ગૃહલક્ષ્મી' શબ્દમાં લક્ષ્મીનો વ્યાવહારિક અર્થ ધન થાય છે. આ જ ધન કમાતી સ્ત્રી માટે તેનાથી વિપરીત 'ઘર સંભાળવાની' અપેક્ષાઓ રાખવામાં આવે છે.) અમિત સાથે પ્રોજેકટની વાત કરતાં 'પણ એમાં તને શું મળશે?'(પૃ.૦૭) એવો પ્રશ્ન ઋતાને અકળાવી મૂકે છે. પણ આ ઋતા દલીલ નથી કરતી ચૂપ રહે છે. સ્ત્રી પુરુષની સહધર્મચારિણી નહીં પણ અનુસારિણી છે એવું વિચારતી ઋતાને અમિત સાથે રહીને પોતાનું આગવું સ્થાન ઊભું કરવું છે. તેથી સ્ત્રી વિશેના જલદ પ્રશ્નો વિષે સમાજને ચાબખા મારતી ઋતા પતિ સાથે ટકરાવ કરવા કરતાં ગમ ખાવાનું પસંદ કરે છે!

શ્યામલીની જીવનકથા લખવાનો પ્રોજેકટ મેળવતી ઋતા શ્યામલીનું એડ્રેસ મેળવી ઘરે જાય છે ત્યારે શ્યામલીનું ઘર, તેની સજાવટ બધું જ એક કલાકાર તરીકે તેની છબી ઊભી કરી આપે છે. શ્યામલીને પોતાની સ્મૃતિઓ ઢંઢોળવામાં આ ઉંમરે રસ નથી, તે ચકચોન્ધભરી દુનિયાથી દૂર રહેવા માંગે છે તેમ છતાં ઋતાના આગ્રહ અને તેની ગહન સમજમાં ગાંભીર્ય અનુભવી અત્યારસુધી ઘણા પત્રકારોને ના પાડી ચૂકેલી શ્યામલી જીવનકથા કહેવા તૈયાર થાય છે. બહુ લાંબા સમય સુધી સળંગ ન બોલી શકતી શ્યામલી ઋતા માટે દરરોજે એક કલાકનો સમય ફાળવે છે. આ એક કલાકમાં તેના જીવનની એક પછી એક ઘટનાઓને તે ઋતા સમક્ષ ખોલતી જાય છે. આવું સુયોજન ધરાવતી આ નવલકથાને ૩૭ પ્રકરણોમાં વહેંચવામાં આવી છે. દરેક પ્રકરણમાં એક પ્રસંગ કહેવાતો જાય છે.

શ્યામલી ઋતાને કહે છેઃ 'બેટા, કલાકાર તરીકેની મારી કારકિર્દી દરમ્યાન મેં બહુ ચડતીપડતી જોઈ છે. સૂર્યોદય અને સૂર્યાસ્ત અનુભવ્યા છે. જીવનને ચારે બાજુથી જોયું છે, નજીકથી અને દૂરથી. તેમાં વેદના પણ છે અને આનંદ પણ. આ રંગ બદલતી દુનિયાના દરેકે દરેક રંગ મેં જોયા છે.' (પૃ.૧૨) આમ, નાનપણથી વૃદ્ધાવસ્થા સુધી શ્યામલીએ જીવનની ઘણી ચડતી પડતી જોઈ છે. ઋતા ટેપરેકોર્ડર, કેસેટ્સ, પેન, કાગળ બધાં જ સાધનો સહિત રોજે શ્યામલીની જીવનકથની સાંભળવા જાય છે. રેકોર્ડરમાં રેકોર્ડ કરે છે અને જરૂર પડ્યે નોંધ પણ કરે છે.

સૌપ્રથમ તે તેના કુટુંબની વાતથી જીવનકથા કહેવાની શરૂઆત કરે છે. ચાંદખેડા ગામની એક અતિ સુંદર યુવતી ગરીબ કુટુંબની છે. નાની વયે પિતા ગુમાવ્યા બાદ તે મોટી બહેનના ઘરે અમદાવાદ રહેવા આવે છે અને પેટિયું રળવા માટે એક શ્રીમંત કુટુંબના વિધુર ભાઈને ત્યાં રસોઈકામ કરવા જાય છે. આ વિધુર મોટીબેન સમક્ષ નાનીબેનના લગ્નનો પ્રસ્તાવ મૂકે છે. આમ, આ યુવતીનું શ્રીમંત વિધુર સાથે લગ્ન થતાં તેનું નસીબ બદલાઈ જાય છે. આ યુવતી તે શ્યામલીની મા! ત્યારબાદ શ્રીમંત કુટુંબમાં મા-બાપના ત્રીજા 'અનવોન્ટેડ ચાઇલ્ડ' તરીકે જન્મેલી શ્યામલીનું રૂપ અને હસતો ચહેરો તેને પિતાની લાડકી બનાવી દે છે. અચાનક પિતાને રોગ લાગુ પડતાં અને બધાં પૈસા સારવારમાં ચાલ્યા જતાં પિતાના મૃત્યુ બાદ બધી સંપત્તિ જતી રહેતા તેઓ ગરીબ થઈ જાય છે. શ્યામલીના જન્મ બાદ સાત વર્ષની વયે તેના સામે આવેલી આ પહેલી દુખદ પરિસ્થિતી છે. પિતાના મૃત્યુને ન કળી શકતી શ્યામલી માનું ચાંદલાવિહીન કોરું કટ કપાળ જોઈને પરિસ્થિતીનો તાગ મેળવે છે. તેના જીવનમાં જે પરિવર્તન આવ્યું છે તે માના સૌભાગ્યચિન્હની ગેરહાજરીથી સમજે છે.

શાહીબાગની મ્યુનિસિપલ શાળામાં ભણતી શ્યામલી અને તેના ભાઈ બહેનોની પરિસ્થિતી કપરી છે. માની પરિસ્થિતીનો ચિતાર આપતી તે 'માને ધરતી પરની ઈશ્વર'(પૃ.૨૨) કહે છે. રંગમંચ સાથે તેનો પહેલો કટુ અનુભવ તેના બાળમન પર કેવી અસર કરે છે તે ઋતાને

કહે છે. 'ભક્ત પ્રહ્લાદ' નાટકની ભજવણી શાળામાં કરવાની હતી. તે દેખાવડી હોવાથી તેને ગુરુનો રોલ આપવામાં આવ્યો હતો. સંવાદો યાદ ન રહેતા ગભરાઈને સ્થિર ઊભી રહેલી શ્યામલીની મશ્કરી કરતાં તેના સહપાઠીઓના નિષ્ઠુર હાસ્યમાં શ્યામલીનો કરૂણ સૂર ખોવાઈ જાય છે. ભયથી ત્રસ્ત તે ગભરામણ અનુભવે છે અને ત્યારબાદની ઘટના તેને બેભાન કરી મૂકે છે. જુઓ આ વિધાનઃ

'ભય, બીક અને શિક્ષકોના ડરને કારણે મને ગભરામણ થવા લાગી. મારો શ્વાસ રૂંધાવા લાગ્યો. આખું શરીર ધ્રૂજવા લાગ્યું. થોડી વારે જોયું તો મને મારાં કપડાં ભીનાં લાગ્યાં. મને આ શું થયું? આમ કેમ થયું? જોયું તો મારી બેન્ચ પર લોહીના લાલ ધબ્બા...'(પૃ.૨૩) આમ, કોઈ પણ દ્વારા સ્ત્રીના ઋતુસ્રાવ વિષે વાત ન થઈ હોવાને કારણે નાની બાળકીઓના મન પર તેના પ્રથમ અનુભવ વિષે કેવી છાપ પડે છે તે બતાવવામાં આવ્યું છે. ઋતા પણ આ પ્રસંગે ભૂતકાળમાં સારી પડે છે અને સમસંવેદન અનુભવે છે. લગભગ દરેક પ્રસંગે પીડાની વાત થતાં ઋતા પોતાની જિંદગીમાં સારી પડી સમાન લાગણીનો અનુભવ કરે છે. સ્ત્રીનો જન્મ મેળવતાંવેંત જ શરીરની પીડાઓથી શરૂ કરીને લાગણીસભર હૃદયનો અનુભવ જુદો હોવા છતાં અમુક અંશે સમાન જ હોય છે તે લેખિકા એ ઋતાના પાત્ર દ્વારા દર્શાવ્યું છે.

'શ્યામલીની કથા સાંભળતાં સાંભળતાં ઋતાને જાણે એવું લાગવા માંડ્યુ કે આ તો મારી પણ કથા છે. ના, ના, મારી એકલીની શું કામ? આ તો વિશ્વમાં વસતી દરેકેદરેક સ્ત્રીની વાત છે. રંગ, રૂપ, સમાજ અને પાત્રો જુદાં, પણ વાર્તા તો એની એ જ.'(પૃ.૨૫)

અહીં પોતાના ભૂતકાલમાં સારી પડતી ઋતાને તેને માટે પડકારરૂપ હોય એવો વ્યવસાય પસંદ કરવા માટે પિતા અને અન્ય પરિવારજનોએ સાથે થયેલ સંઘર્ષ યાદ આવે છે. ઘરના પોતે જ ઋતા પત્રકારના વ્યવસાયમાં નિષ્ફળ જાય એવી પ્રાર્થના કરતાં! આમ, છોકરી પોતાનું બાળક હોવા છતાં વ્યવસાય પસંદગીમાં પણ અસુરક્ષિતતાના ભાવને કારણે પરિવારજનો સમક્ષ સંઘર્ષ

કરવો પડે છે. પોતાની જ દીકરી માટે નિષ્ફળતાની પ્રાર્થના કરતાં મા-બાપની લાગણીને કયા દ્રષ્ટિકોણથી જોવી એ પ્રશ્ન છે!

શ્યામલી તેની વાત આગળ વધારતાં શાળાના જીવન દરમ્યાન અન્ય છોકરીઓને જોઈ આંબલી, કાતરા, કોઠાં ખાવા ઇચ્છતી તે, મગફળી ન ખાઈ શકતી તે મગફળીના છોતરાં ખાઈને પાણી પી આવે છે જેથી તેને કોઈ જોઈ ન જાય. બાળપણમાં વેઠવી પડતી ગરીબીને કારણે તેનામાં બાળપણથી જ કુંઠિતતા આવી જાય છે. શ્યામલીના બાજુમાં રહેતા સહૃદયી હોવાનો અને મદદ કરવાનો ડોળ કરતાં ભાઈની નજર ક્યારે બગડશે એ તેમનામાંથી કોઈ જાણતું નથી. શ્યામલી એકલી છે એની ખબર પડતાં તે આવીને તેની પર બળાત્કાર ગુજારે છે એ શ્યામલીના મન પરનો બીજો વજાઘાત!

જુઓ આ વિધાનઃ 'મારા શરીરને જાણે કે ધગધગતા લોખંડના સળિયા જેવો સ્પર્શ. તે વધુ આક્રમક ક્રૂર અને પાશવી..

બનવાનું બની જ રહ્યું. બાકી બચી મારી કાળમીંઢ પથ્થરને પણ ચીરી નાખે તેવી ચીસો, ડૂસકાં.. આંસુ... આખીય પથારી લોહીથી લથબથ...'(પૃ.૨૯)

કાળજું ચીરી નાખે તેવી વાતો સાંભળતા જ જો અરેરાટી આવતી હોય તો જેના પર આવી ઘટનાઓ ગુજરે છે તેઓ સ્ત્રીજન્મ પર બદદુઆઓ વરસાવે તો નવાઈ નહીં! તેથી આવી નવલકથાઓ વાસ્તવિક સ્થિતિને દર્શાવવામાં પ્રસ્તુત બને છે.

શ્યામલીની જીવનકથા સાથે વેદનાનો સમાન અનુભવ કરતી ઋતાની ઘરના કામ પ્રત્યે બેદરકારી વધતી જાય છે. તેનાથી અમિત ગુસ્સે થાય છે. દરેકનો સમય સાચવતી સ્ત્રીને પોતાના કોઈ વિચાર કરવા માટે પણ સમય નથી હોતો એ વાત પણ તિર્યકરૂપે દર્શાવાઈ છે. શ્યામલીના બળાત્કારની વાત સાંભળી ઋતા બે દિવસ બીમાર રહે છે. પાછી શ્યામલીને ત્યાં જતાં એ પાડોશી પુરુષે કરેલા દુષ્કૃત્યનો ભોગ બનેલી શ્યામલીને પરિણામ પણ ભોગવવું પડે છે. તેના

પેટમાં આકાર લઈ રહેલ તત્ત્વનો તેની મા બે સ્ત્રીઓને બોલાવીને નિકાલ કરાવે છે. આ પીડા માટે સ્ત્રી જવાબદાર ન હોવા છતાં પરિણામ ભોગવવું પડે છે અને આવા કેસો આજના સમયે પણ વધતાં જાય છે એ આ સમાજની કરુણતા છે. શિક્ષણમાંથી તેને રસ ઊડી જાય તે સ્વાભાવિક છે. આ શ્યામલીને ફરી એક વાર રસ્તા પર મળી જતાં દિગ્દર્શક દ્વારા રંગમંચની અભિનેત્રી તરીકેની તક મળે છે. આમ શ્યામલી ફરી રંગમંચ તરફ વળે છે અને આ વખતે એક સફળ અભિનેત્રી તરીકે!

ધનસુખલાલ મહેતાના 'અર્વાચીના' નાટકમાં અભિનેત્રી તરીકેના સફળ રોલ પછી તેને 'ફોર્મલ એજ્યુકેશન'ને તિલાંજલિ આપી. ત્યારબાદ નાટકની સંસ્થાઓમાં શ્યામલી સાથે અન્ય કલાકારની હોડ અને ઈર્ષ્યા તેમજ સંસ્થામાં અંદરો અંદર પ્રતિસ્પર્ધી ઊભા થતાં જાય છે. સંસ્થામાંની ઈર્ષ્યા અને કેન્દ્રમાં રહેવાની હોડની વાતો પરથી ઋતાને તેની સાસુ યાદ આવે છે. સત્તા છીનવાઈ જવાના ડરથી તે અમિતની સતત કાનભંભેરણી કરે છે.

ઋતા વિચારે છેઃ 'અમિતનાં માતાની ઈર્ષ્યાવૃત્તિની પરાકાષ્ઠા તો એ હતી કે તેઓ હંમેશા બીજાનાં દુઃખે જ સુખી થતાં. તેઓ પોતાના જ આંતરમનને ઝાંખી ન શકતાં હોય તો બીજાના આંતરમનમાં ડોકિયું કરવાનો તો પ્રશ્ન જ ક્યાંથી ઉપસ્થિત થાય?'(પૃ. ૪૨)

આવી વેદનાસભર સ્થિતિમાં બે સ્ત્રીઓ અન્ય માધ્યમના સહારે જીવી જતી એક શબ્દના અને બીજી રંગમંચકલાના!

શ્યામલી યુવાન થતાં તેની માએ તેના લગ્ન વિષે વિચારવાનું શરૂ કર્યું. વ્યવસાયે લેખક એવા હીરકને શ્યામલી જોતાંવેંત ગમી ગઈ અને શ્યામલીને પણ તે ગમી ગયા. બંનેનો સંબંધ આગળ વધતાં તેઓ એકબીજાને મળતાં થયા. સાત વર્ષ સુધી આ દુનિયામાં ખોવાઈ ગઈ અને લગ્ન પછીના સંસાર વિષે સોનેરી સ્વપ્નો જોવા માંડી. સાત વર્ષ સુધીનો વિવાહ તેમાં શ્યામલીના પ્રેમનો પ્રવાહ એકધારો જ્યારે હીરક મુંબઈ જતાં ત્યાંની એક આધુનિક યુવતીના પ્રેમમાં પડી ગયા. શ્યામલીના બનેવીએ લગ્ન માટે પત્ર લખતાં આ પ્રમાણેનો ઉત્તર મળે છેઃ

'શ્રીમાન,

લગ્નની બહુ ઉતાવળ હોય તો શ્યામલીને બીજા સાથે પરણાવી દો. એ અંગૂઠાછાપ છોકરી સાથે હું લગ્ન નહીં કરું.'(પૃ.૫૦)

વિવાહ ફોક થતાં શ્યામલી ફરી એક વાર હચમચી ગઈ. જેને ખૂબ ચાહતી હતી તેના તરફથી આવી છલનાનો ભોગ બનતા ફરી તેનું જીવન ઉદાસીન રીતે વહેવા માંડ્યુ. ગરીબીને કારણે ઘરની પરિસ્થિતી પર બદતર થવા માંડી. ત્યાં ફરી તેને સાત વર્ષના લાંબા સમય પછી ફરી રંગભૂમિમાં જોડાવવાની તક મળી. એ ઐતિહાસિક કથાવસ્તુ ધરાવતા નાટકની નાયિકા તરીકે રોલ મળતા ફરી એક વાર તેની રંગભૂમિયાત્રા શરૂ થાય છે જે તેની વૃદ્ધાવસ્થા સુધી ચાલે છે.

તે અન્ય સંસ્થા સાથે જોડાય છે ત્યાંની સંસ્થાનાં સંચાલિકા બહેન શ્યામલીને લઈને નાટ્યવિભાગ શરૂ કરવા માંગે છે. આ સંસ્થામાં જોડાયા બાદ શ્યામલી અનેક નાટકોમાં તલ્લીન થઈ, દરેક પાત્રને જીવી રંગદેવતાની આરાધના શરૂ કરે છે. તેની સાથેનાં સહકલાકાર ક્ષયના રોગી હોય છે અને શ્યામલી પ્રત્યે પરિણીત હોવા છતાં આકર્ષણ ધરાવે છે.

સહકલાકારનાં મુખે આ વિધાન જુઓઃ 'શ્યામલી, તું જ મને આ તખ્તા પર જીવાડી શકીશ. મારે પત્ની બાળકો હોવા છતાં આ ભર્યાભાદર્યા સંસારમાં હું સાવ એકલોઅટૂલો અને એકાકી છું.' (પૃ.૭૪)

શ્યામલી તેમના દુખી જીવનને શાતા આપવા અને કળા સંવર્ધિત કરવા સહાનુભૂતિથી તેમની સાથે વાત કરે છે તેને એ પ્રેમ સમજી બેસે છે. શ્યામલી તેમની લાગણીમાં ખેંચાતી જાય છે. તે સંબંધ વિષે તે ઋતા સાથે વાત કરતાં જણાવે છેઃ

'પણ કાશ...જે આભાસી હતું તેને મેં પરમ સત્ય માની લીધું. મારા જીવનમાં આવેલા દરેકેદરેક પુરુષે મારા ખાલી પાત્રને ભરવાનો માત્ર અભિનય જ કર્યો, નારી છલના ને હું માની બેઠી પ્રેમ...'(પૃ.૭૪)

એમની સંસ્થામાં આવતા બંગાળના એક લેખક પર શ્યામલીનાં રૂપથી આકર્ષિત થાય છે. બેંગલોર નાટક લઈને જતાં સમયે શ્યામલીના સહકલાકાર લેખક દ્વારા ઈર્ષ્યા અનુભવતા તે શ્યામલી પર શંકા કરી તેને જમીન પર પછાડી ત્રણ-ચાર તમાચા ચોડી દે છે. શ્યામલી તેમણે માત્ર સહકલાકાર ગણતી હતી. તેને પ્રેમ સમજી બેસવાની ભૂલ કરી આ ઘટનાનું પરિણામ પણ શ્યામલીને ભોગવવું પડે છે.

તે ઋતાને કહે છેઃ 'ઋતા, રંગભૂમિ પર મને વત્તાઓછા અંશે બધાં જ રંગોનો અનુભવ થયો છે, પણ આ બધામાં મને સૌથી કટુ અનુભવ થયો છે પુરુષના મનની વિકૃતિઓનો. તેમને મન અભિનેત્રી એટલે મનોરંજનનું સાધન. અભિનેત્રી એટલે સ્ત્રી નહીં, માત્ર કઠપૂતળી. ચાવીવાળું રમકડું. તેઓ નિમ્ન કક્ષાની ગણીને સ્ત્રી કલાકારોને મૂલવતાં હોય છે, પણ આ પરિસ્થિતિમાં સ્ત્રી કરે તો પણ શું કરે? ક્યારેક તેની મર્યાદા છે તેનું તન તો ક્યારેક મન.' (પૃ.૭૯)

અન્ય ક્ષેત્રોની જેમ જ રંગભૂમિક્ષેત્રે પણ સ્ત્રી અને પુરુષ કલાકારો વચ્ચે ભેદ હોય છે. કાં તો હું રહું કાં તો લેખકની માંગ સંસ્થાની સંચાલિકા સામે મૂકતા તે લેખકને સંસ્થાની બહાર કરે છે પરંતુ એક દિવસે છલથી બોલાવીને લેખક પણ તેને તમાચો ચોડે છે. વીસ વીસ વર્ષ થવા છતાં આ તમાચો કેમ માર્યો તેનો ઉત્તર શ્યામલી પાસે નથી. પોતાના જીવનનું કેન્દ્ર જ શ્યામલી છે એવું ગણતાં લેખક સંસ્થા છોડવી પડી એ કારણે કે અન્ય કયા કારણે હાથ ઉપાડે છે શ્યામલી તેનો ઉત્તર શોધે છે. કદાચ પુરુષની આવી ક્રિયાઓને સ્ત્રીના તમાચારૂપી પ્રતિક્રિયાની અપેક્ષા નથી હોતી તે જ કારણે પુરુષો આવી હિંમત કરે છે. જો પ્રતિક્રિયા સમાજમાં સ્વાભાવિક બને તો હિંસકકૃત્યો બંધ તો ન જ થાય પણ ઓછા થઈ શકે!

પરિશિષ્ટઃ ૨ ‘પાનખરની બીક ના બતાવો’ નવલકથામાં નારી છબીના નિરૂપણનો અભ્યાસ

શ્યામલી વિવિધ રંગમંચનાં અનુભવોની વાત કરતાં કરતાં એક હાસ્યાના અનુભવની વાત પણ કરે છે જેમાં તે અત્યંત ખડખડાટ હસુ આવી રહ્યું હોવા છતાં ઘુંઘટની આડમાં જોરથી રડવાનું દ્રશ્ય ભજવી રહી હતી. રંગભૂમિનાં અન્ય કેટલાક પાસાઓને પણ આ નવલકથામાં આવરી લેવાયા છે. જેમ કે, જૂની રંગભૂમિનાં પ્રયોગો, ખાડાની રંગભૂમિ, શ્યામલી સૌપ્રથમ ભવાઈના વેશો શિખનારી સ્ત્રી, તેને કોપનહેગનમાં ભજવેલા ભવાઇનાં વેશો, જનજાગૃતિ માટે ગામે ગામ પ્રવાસ કરીને ભજવેલા નાટકો, આકાશવાણીમાં શ્યામલીએ રેડિયો પર ભજવેલા નાટકો, ભવાઈના ‘ગુરુ ગણિકા વેશ’માં આધુનિક રૂપ આપીને રજૂ કરેલી ભવાઇ, રંગભૂમિની મંડળી દ્વારા ગામમાં કવરસીન પર મૂકાતા યુવાન છોકરીઓના ગીતો પ્રત્યે તેની ઘૃણા વગેરે. જેમાં ડેન્માર્ક ખાતે ભજવેલી ભવાઇ અને વાઇનની આખી બોટલ ગટગટાવી લીધા પછી રજૂ કરેલી ભવાઇ વગેરે ભાવકને રસપ્રદ લાગે તેવા કિસ્સાઓ પણ તેમાં વણાયા છે. અંતે તેમની સંસ્થા મૌલિક નાટકો લખવા તરફ વળે છે. અને તેમની અભિનેત્રી બાદની કારકિર્દીમાં તેઓ એક વિખ્યાત દિગ્દર્શિકા પણ બને છે.

આમ, આખી વેદનાસભર યાત્રાને તેઓ સર્જન અને કલા તરફ વાળી દઈને રંગદેવતાની આરાધના માટે જીવન જીવે છે. પડદો જ તેમનું જીવન બની જાય છે. સંખ્યાબંધ પાત્રોમાં જ તેઓ જીવી જાય છે. શ્યામલી ‘પીળું ગુલાબ અને હું’ ની નાયિકા સંધ્યાની જેમ જ કૃત્રિમ જીવનથી ત્રાસી ગઈ છે પણ હવે તે જ તેનું સત્ય છે.

તે ઋતાને કહે છેઃ ‘હું મારી જાતને છેતરું છું. હું જે કંઇ કરું છું તે તાલીમ પ્રમાણે, રંગભૂમિનાં રિયાઝ પ્રમાણે કરું છું. ખાલીખમ, ભાવવિહીન, લાગણીહીન નાટક. હું તો ખાલીખમ નાટકનું ખોખું છું.’(પૃ.૧૨૩)

શ્યામલીનું સૌંદર્ય યુવાન છોકરો જે શ્યામલીથી અડધી ઉંમરનો હતો તેને પણ શ્યામલીનાં પ્રેમમાં પાડી દે છે. સતત એક પછી એક એમ ત્રણ પાત્રો ભજવતી શ્યામલીને તે પ્રસવપીડા સમાન લાગે છે. સિગારેટ પીવાની પાત્રની માંગ માટે પણ તે એક કલાકમાં વીસ વીસ

સિગારેટ પોતાના આદર્શો વિરુદ્ધ પાત્રની માંગ માટે પી જાય છે. આમ, પાત્ર માટે કશું પણ કરી છૂટવાની નિસ્બત ધરાવતી શ્યામલી રંગદેવતાને પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દે છે. આ ઉપરાંત, તે કેટલાંક દસ્તાવેજી ચિત્રો પણ સર્જે છે. તેમાનું 'દુર્વા' નારીસમાજના પ્રશ્નોને સ્પર્શતું હતું. આર્થિક સંકડામણો કેટકેટલાં કુટુંબનો ભોગ લે છે તેની વાત છે. પૈસા માટે આધેડ વયનાં પુરુષને દીકરી વેચવામાં આવે છે તે વ્યથા દર્શાવવામાં આવી છે.

આટઆટલાં વર્ષોના કલાકાર તરીકેનાં અનુભવ બાદ શ્યામલીને 'લાઈફટાઈમ અચિવમેંટ' એવોર્ડ મળે છે. તે સંદર્ભે પણ ઋતા છાપા માટે તેનો ઈંટરવ્યૂ લે છે જેમાં કલાકાર તરીકે શ્યામલીનું રંગભૂમિ ક્ષેત્રે સમર્પણ દર્શાવવામાં આવે છે.

જીવનના ઉત્તરાર્ધનાં પડાવે આવેલી શ્યામલી બીમાર થતી જાય છે. તેના જીવનની કૃત્રિમતાથી કંટાળીને તે પોતાની માને યાદ કરે છે. જાત સાથે વાતો કરે છે. કહે છેઃ

'મારે રકતમજ્જાયુક્ત વ્યક્તિ જેવુ જીવન જીવવું હતું સાવ સાચુકલું અને સ્વાભાવિક, તેને બદલે મને મળ્યો કૃતકતાનો અભિશાપ.'

'હા, ડાળી પર એકેય પર્ણ વિનાની પાનખર. ખબર નથી આમ મારી સાથે જ કેમ થાય છે? પ્રેમથી છલોછલ ભરેલું મારુ પાત્ર ખાલીખમ કેમ છે?'(પૃ. ૧૫૪)

શ્યામલી હવે પાનખરથી દુખ નથી અનુભવતી અને સુખની એને હવે અપેક્ષા પણ નથી તે સામે કાંઠે જવા માટે તૈયાર બેઠી છે.

અંતે, તેને ૨૬મી જાન્યુઆરીના રોજ ટાઉનહૉલ ખાતે શ્યામલી અમૃત મહોત્સવ નિમિત્તે તેની જીવનકથા પ્રકાશિત થાય છે. ઋતા કહે છે : 'આ કથા ફિનિક્સ પક્ષીની જેમ રાખમાંથી પુઃન જીવિત થતી નારીની.'

'આ કથા છે સ્ત્રીની અધૂરી રહેલી શોધની, નારીની નારીજાતિ પરત્વેના ઋણસંબંધોની છે આ કથા.'(પૃ.૧૫૯)

પરિશિષ્ટઃ ૨ 'પાનખરની બીક ના બતાવો' નવલકથામાં નારી છબીના નિરૂપણનો અભ્યાસ

આ ઋણ સંબંધ નવલકથામાં માનસીના પાત્ર દ્વારા દર્શાવવામાં આવ્યો છે. ઋતા જ્યારે રોજ શ્યામલીના ઘરે જતી ત્યારે હસીને બારણું ખોલતી પંદરેક વર્ષની છોકરી તે માનસી! આ માનસી શ્યામલી સાથે રહેતી. તેનો શ્યામલી સાથે શો સંબંધ થાય તે આશ્ચર્ય ઋતાને જાગતું પણ તે પૂછી ન શકતી. માનસી જ્યારે ગામડે માને મળવા જાય છે ત્યારે ઋતાનો પ્રશ્ન બહાર આવે છે. શ્યામલી જણાવે છે એક ગામમાં 'કર્ણ-કુંતી સંવાદ' ભજવાયો તે પૂરું થતાં એક સ્ત્રી રડતી બેઠી રહી હતી. માનસીનો પિતા લગ્નનું સ્વપ્ન બતાવીને તેની માને છોડીને જતો રહ્યો. આમ, માનસી કુંવારી માનું સંતાન છે. માનસીની માની સ્થિતિ જોતાં શ્યામલીને પોતાનો ભૂતકાળ યાદ આવે છે. તેથી તે માનસીને માની સંમતિ સાથે ભણવા માટે શહેરમાં પોતાની સાથે લઈ આવે છે. આમ, માનસી અને શ્યામલી વચ્ચે ઋણાનુસંબંધ છે. શ્યામલીના ઘરે માનસી સંગીત પણ શીખે છે. આ શ્યામલીને અંતે બીજી શ્યામલી બનતા દેખાડી છે. આમ, પોતાના સંતાનની જેમ શ્યામલી માનસીની કાળજી રાખે છે.

નવલકથાના મુખ્ય સ્ત્રી પાત્રો શ્યામલી, ઋતા અને માનસી છે. ત્રણેયની સ્થિતિમાં કોઈક રીતે સામ્યતા છે. ઋતા મહત્વાકાંક્ષી પત્રકાર હોવા ઉપરાંત પતિ અને દીકરા સ્મિતને સાચવતી અને ઘરને સંભાળતી સ્ત્રી છે. ઋતા દ્વારા નોકરિયાત સ્ત્રીને બંને હાથે સંભાળવા પડતાં ઘર અને ઓફિસ છતાં સાસુ તેમજ પતિના તિરસ્કાર અને સહકર્મચારીઓની ઈર્ષ્યાનો ભોગ બનવું પડે છે. શ્યામલી તો જીવનના દરેક પડખે સંઘર્ષમય પરિસ્થિતી, અત્યાચાર, અન્યાય અને છલનાનો ભોગ બનીને તે સુખ અને દુખથી પર એવા પડાવ પર આવી ચૂકી છે. પુરુષસત્તાક સમાજની માનસિકતાનો વારંવાર ભોગ બનેલી તે હવે મૃત્યુને ખુલ્લે હાથે સ્વીકારવા માટે પણ તૈયાર છે. કલાકાર તરીકેના જીવનમાં અનેક પાત્રને જીવી રંગમંચમાં જીવતી તે રંગદેવતાને પોતાનું સર્વસ્વ સમર્પણ કરી દે છે. વેદનામાંથી તે સર્જકતા તરફ ઊર્ધ્વગતિ કરતું નારીપાત્ર છે. જ્યારે માનસી બાપવિહોણું જીવન જીવતી તેને શ્યામલીની છાયા મળી જતાં તેનું જીવન પણ પ્રગતિશીલ બને છે. અંતે બીજી શ્યામલી તરીકે ઓળખાવવામાં આવેલી માનસી રંગમંચ ક્ષેત્રે પ્રવેશશે એવી

સંભાવના દર્શાવી છે. આમ, ત્રણેય પાત્રો જીવનની અનેક મુશ્કેલીઓ છતાં સંઘર્ષ વેઠીને પ્રગતિશીલ માર્ગ તરફ ગતિ કરે છે.

આ નવલકથામાં શ્યામલીને એક વિવેચક દ્વારા 'રંગભૂમિની મીરાં' કહેવામાં આવી છે. તેથી ડો. નિવ્યા પટેલ 'સ્ત્રી વિમર્શ' માં નોંધે છે કેઃ 'આ નવલકથા લેખિકાએ રંગભૂમિની મીરાં દામિની મહેતાને અર્પણ કરી છે. અહીં કથાનું મુખ્ય પાત્ર શ્યામલીને પણ જાણીતા વિવેચકે રંગભૂમિની મીરાં તરીકે ઓળખાવી છે. તો આના પરથી મારુ માનવું એવું છે કે આ નવલકથા દામિની મહેતા પર આધારિત હોય! જોકે લેખિકાએ પ્રસ્તાવનામાં એનો ક્યાંય ઉલ્લેખ કર્યો નથી.'૧ જોકે નવલકથામાંની સામગ્રી જોઈએ તો કોઈ અભિનેત્રી દ્વારા રંગભૂમિનો એકદમ નિકટતાથી પરિચય આપ્યો હોય એવું લાગે છે તેથી આ સંભાવનામાં તથ્ય નીકળે તો નવાઈ નહીં.

અનિલ જોશીના ગીત 'મારી કોઈ ડાળખીમાં પાંદડા નથી, મને પાનખરની બીક ના બતાવો'-આ પંક્તિ પરથી આ નવલકથાનું શીર્ષક અપાયું છે. જે શ્યામલીની જિંદગી જોતાં યથાર્થ બની રહે છે.

સંદર્ભનોંધઃ

૧. સ્ત્રી વિમર્શ, ડો. નિવ્યા પટેલ, પ્રણવ પ્રકાશન- ૨૦૧૩, પૃષ્ઠઃ ૧૬૪

ગ્રંથ સૂચિઃ

૧. પાનખરની બીક ના બતાવો, દર્શના ત્રિવેદી, હર્ષ પ્રકાશન, પ્ર. આ.-મે, ૨૦૦૪

પરિશિષ્ટઃ 3

સંદર્ભગ્રંથ સૂચિ

પરિશિષ્ટઃ 3 સંદર્ભગ્રંથ સૂચિ

૧. અનુઆધુનિક સાહિત્યસંજ્ઞાકોશ, સંપાદકઃ જયંત ગાડીત; પ્રકાશનઃ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર; ૧લી આવૃત્તિ, ૧૯૯૯

૨. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખાઃ આધુનિક અને અનુઆધુનિક પ્રવાહો, ધીરુભાઈ ઠાકર; ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; સંશોધિત- સંવર્ધિત સંસ્કરણ,૨૦૦૬

૩. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખાઃ ગાંધીયુગ અને અનુગાંધીયુગ, ધીરુભાઈ ઠાકર; ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; તેરમી સુધારેલી આવૃત્તિ, ૨૦૧૧

૪. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ડૉ. રમેશ એમ. ત્રિવેદી; આદર્શ પ્રકાશન, અમદાવાદ; ૪થી સંવર્ધિત આવૃત્તિ, ૨૦૦૬

૫. આધુનિક સાહિત્યસંજ્ઞાકોશ; સંપાદકઃ ચન્દ્રકાન્ત ટોપીવાળા અને અન્ય; ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૧૯૮૬

૬. આધુનિકતા- એક સંકુલ સંપ્રત્યય, બિપિન આશર; પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૧૯૯૭

૭. ઉમરાવજાન અદા, મિર્ઝા મહમ્મદ હાદી; અનુવાદકઃ એમ.જી. કુરેશી; પ્રથમ અનુવાદિત આવૃત્તિ, ૧૯૭૯

૮. કથાપદ, સુમન શાહ; પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ

૯. કથાસર્ગ, મણિલાલ હ. પટેલ; પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૧૯૯૧

૧૦. કથાસૃષ્ટિ, પ્રસાદ બ્રહ્મભટ્ટ; શબ્દલોક પ્રકાશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ; ૧૯૮૪

૧૧. કથાશ્લેષ, સંપાદકઃ ઇલા નાયક; પ્રથમ આવૃત્તિ, ૨૦૧૪

૧૨. કળા, સાહિત્ય અને વિવેચન, પ્રમોદકુમાર પટેલ; ગુજરાત સાહિત્ય પરિષદ, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ,૨૦૦૦

૧૩. કાલા જલ, ગુલશેર ખાં 'શાની'; રાજકમલ પ્રકાશન, દિલ્હી; પ્રથમ સંસ્કરણ, ૧૯૮૫

૧૪. ગુજરાતી કથાવિશ્વઃ નવલકથા, સંપાદકઃ બાબુ દાવલપુરા, નરેશ વેદ; પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ત્રીજી આવૃત્તિ,૨૦૧૧

૧૫ .ગુજરાતી નવલકથાની ગતિવિધિ, બાબુ દાવલપુરા; પ્રથમ આવૃત્તિ, ૧૯૯૧

૧૬. ગુજરાતી સાહિત્યઃ મધ્યકાલીન, અનંતરાય મ. રાવળ; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય; પાંચમી આવૃત્તિ, ૨૦૧૪

૧૭. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથઃ૩, દલપતરામથી કલાપી; ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ; ચોથી આવૃત્તિ, ૨૦૧૭

૧૮. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથઃ૬, ઇ.સ. ૧૮૯૫-ઇ.સ. ૧૯૩૫, ગાંધીયુગીન-અનુગાંધીયુગીન ગદ્યસર્જકો; ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ; ત્રીજી આવૃત્તિ, ઓગષ્ટ; ૨૦૧૭

૧૯. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથઃ૭, ઇ.સ. ૧૯૧૦-૧૯૩૫, સ્વાતંત્ર્યોત્તર યુગ-૧; ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, સપ્ટેમ્બર, ૨૦૧૫

૨૦. ગુજરાતી સાહિત્ય કોશ-ખંડ ત્રણઃ સાહિત્યિક પ્રકીર્ણ, સંપાદકઃ ચંદ્રકાંત ટોપીવાળા; ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૧૯૯૬

૨૧. ચાર નવલકથાકારો, ભરત મહેતા; ડિવાઇન પબ્લિકેશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૦૬

૨૨. તારાબાઈ શિંદે કૃત સ્ત્રી-પુરુષ તુલના, અનુવાદકઃ મેઘના જાધવ, સંપાદનઃ નિવ્યા પટેલ; અરુણોદય પ્રકાશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, નવેમ્બર, ૨૦૧૮

૨૩. દ્રૌપદી, પ્રતિભા રાય; અનુવાદકઃ જયા મહેતા; ઇમેજ પબ્લિકેશન્સ, અમદાવાદ; પ્રથમ અનુવાદિત આવૃત્તિઃ ૧૯૯૫

૨૪. ધરતી ખોળે પાછો વળેઃ એક નોંધ, શિરીષ પંચાલ; કંકાવટી; માર્ચ, ૧૯૯૯

૨૫. નવભારત સાર્થ ગુજરાતી શબ્દકોશ, સંપાદકઃ મફતલાલ અં ભાવસાર; નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૦૭

૨૬. નવલકથાઃ ચર્ચા અને ચિકિત્સા, બિપિન આશર; સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ; પ્રથમ આવૃત્તિ, ૨૦૧૧

૨૭. નવલકથાઃ સ્વરૂપ અને વૈવિધ્ય, સંપાદકઃ શિરીષ પંચાલ; અરુણોદય પ્રકાશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૧૪

૨૮. નવલકથા શિલ્પ અને સ્વરૂપ, નરેશ વેદ; પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પ્રથમ પુનર્મુદ્રણ, ૨૦૧૦

૨૯. નવલકથા સ્વરૂપ, પ્રવીણ દરજી; યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ; બીજી સંશોધિત આવૃત્તિ, ૧૯૯૭

૩૦. નંદશંકરથી ઉમાશંકર-ગુજરાતી નવલકથાનો ઉપેયલક્ષી સ્વાધ્યાય, ધીરેન્દ્ર મહેતા; ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; બીજી આવૃત્તિ, ૨૦૧૦

૩૧. નારીવાદ વિભાવના અને વિમર્શ, સંપાદકઃ ઉર્વશી મનુપ્રસાદ પંડયા; પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૦૮

૩૨. પિંજર, અમૃતા પ્રીતમ; અનુવાદકઃ સુમિત્રા ઠાકોર; નવચેતન સાહિત્ય મંદિર, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૧૯૫૪

૩૩. બત્રીસ પૂતળીની વેદના, ઇલા આરબ મહેતા; ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, બીજી આવૃત્તિ, પુનર્મુદ્રણ, ૧૯૯૨

૩૪. ભારતીય નવલકથા, બિપિન આશર; ડિવાઇન પબ્લિકેશન્સ, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૧૧

૩૫. ભારતીય નવલકથા, ભરત મહેતા; પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૧૨

૩૬. ભારતીય સમાજમાં સ્ત્રી-જીવન, નીરા દેસાઇ; આર.આર.શેઠ કંપની, મુંબઈ; પ્રથમ આવૃત્તિ; જૂન, ૧૯૬૩

૩૭. મિત્રો મરજાની, કૃષ્ણા સોબતી; રાજકમલ પ્રકાશન, દિલ્હી; પ્રથમ આવૃત્તિ, ૧૯૬૭

૩૮. મીરાં યાજ્ઞિકની ડાયરી, બિન્દુ ભટ્ટ; પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; બીજી આવૃત્તિ, ૧૯૯૬

૩૯. રચનારીતિઃ સંજ્ઞા અને સંપ્રત્યય, ભરત પંડ્યા; પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; બીજી આવૃત્તિ, ૨૦૧૦

૪૦. લઘુનવલ વિમર્શ, નરેશ વેદ; પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૧૯૯૧

૪૧. લઘુ સિદ્ધાંતવહી, ચંદ્રકાન્ત ટોપીવાળા; પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૦૭

૪૨. વડવાનલ, ધીરૂબહેન પટેલ; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; પુનર્મુદ્રણ, ૨૦૦૯

૪૩. વિભાજનની વાર્તાઓ, સંપાદકઃ શરીફા વીજળીવાળા; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; ત્રીજી આવૃત્તિ, ૨૦૧૪

૪૪. વિભાજનની વ્યથા, શરીફા વીજળીવાળા; ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૧૪

૪૫. વિવેચનના વિવિધ અભિગમો, વિનાયક રાવલ, મનહર મોદી, બળવંત જાની; ગુજરાતીનો અધ્યાપક સંઘ, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૧૯૮૯

૪૬. વિવેચનપૂર્વક, ભરત મહેતા; સ્વયં પ્રકાશક; પ્રથમ આવૃત્તિ, ૧૯૯૮

૪૭. વિશ્વસાહિત્યમાં નારીવાદ, ડૉ. કિશોરસિંહ સોલંકી, વક્તવ્ય; પરબ, ઓગસ્ટ, ૨૦૧૮; વર્ષ:૧૩, અંક:૨; ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ

૪૮. શતરૂપા, સંપાદકઃ શરીફા વીજળીવાળા; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ

૪૯. શેષ પ્રશ્ન, શરતચંદ્ર ચટ્ટોપાધ્યાય; અનુવાદકઃ રમણલાલ ગાંધી, શ્રી હરિહર પુસ્તકાલય, સુરત; પ્રથમ આવૃત્તિ, ૧૯૫૬

૫૦. સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા પુરસ્કૃત નવલકથા, સંપાદકઃ ગુણવંત વ્યાસ; પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૦૮

૫૧. સાહિત્યિક વાદ, અમૃતલાલ યાજ્ઞિક અને અન્ય; નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ

૫૨. સ્ત્રી વિમર્શ, નિવ્યા પટેલ; પ્રણવ પ્રકાશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૧૩

૫૩.સમાજલક્ષી મનોવિજ્ઞાન, ચંદ્રકાન્ત પટેલ; યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૧૯૯૫

૫૪. સમાજસુધારાનું રેખાદર્શન, નવલરામ ત્રિવેદી; ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલાય, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૧૯૩૪

૫૫. સાત પગલાં આકાશમાં, કુંદનિકા કાપડિયા; નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ; સત્તરમી આવૃત્તિ, ૨૦૧૪

૫૬. જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા (તારાશંકર બંદોપાધ્યાયથી રઘુવીર ચૌધરી), સંપાદકઃ ભરત મહેતા; પાર્શ્વ સંવર્ધિત પ્રથમ આવૃત્તિ, ૨૦૧૬

૫૭. ભારત વિભાજન ઔર હિન્દી ઉપન્યાસ, ડૉ. રસીલા ઉમરેટિયા; ફ્લેમિંગો પબ્લિકેશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૧૨

૫૮. उपन्यास और वर्चस्व की सत्ता, वीरेन्द्र यादव, राजकमल प्रकाशन, दिल्ही, प्रथम सं. २०१०

૫૯. डरता कौन है शानी से, राजेन्द्र यादव, हंस , १९९५

૬૦. भारत विभाजन और हिंदी उपन्यास, रसीला उमरेटिया; फ्लेमिंगो पब्लिकेशन, अहमदाबाद; प्रथम सं., २०१२

૬૧. हिंदी उपन्यास-आठवाँ दशक, असामान्य चरित्र, सुमित्रा यादव,

૬૨. हिंदी उपन्यासों में भारतीय मुस्लिम जीवन, शाहीन एहजाज जमादार, ए. बी. एस. पब्लिकेशन, वाराणशी ; प्रथम सं. २०१४

૬૩. हिंदी उपन्यास : समाज और व्यक्ति का द्वंद्व, मंजुला गुप्त; सूर्य प्रकाशन, नई दिल्ही; प्रथम सं. १९८६

६४. शानी : आदमी और अदीब, सम्पादकः जानकी प्रसाद शर्मा, प्रथम सं. १९९६

६५. स्त्री चिंतन की चुनौतियाँ, रेखा कस्तवार; राजकमल प्रकाशन, नई दिल्ही; प्रथम सं. २००६

६६. समाजवादी हिंदी उपन्यासों में चरित्रांकन, कुमार नास्ति ; जवाहर पुस्तकालय, मथुरा; प्रथम सं.१९९७

६७. साहित्य और आधुनिक युगबोध, इस्सर देवेन्द्र , कृष्णा ब्रदर्स, अजमेर, प्रथम सं. १९७३

૭૦. About Chinese Women, Julia Kristeva; Marion Boyars Publishers, Limited; 1974

૭૧. Against Our Will, Susan Brownmiller; Simon & Schuster; 1975

૭૨. A Literature of Their Own, Elaine Showalter; 1977

૭૩. Anatomy of Criticism, Northrop Frye; Prinston University Press; 1957

૭૪. Aspects of the Novel, E. M. Forster; Penguin Group; Reprinted, 2005

૭૫. A Room of One's Own, Virginia Woolf; Penguin; 2000

૭૬. Bitch: In a praise of Difficult Women, Elizabeth Wurtzel; Anchor Publisher; 1998

૭૮.A Vindication of the Rights of the Women, Mary Wollstonecraft; 1792

૭૯.Classical to Contemporary Literary Theory- A Demystified Approach, Joseph Chandra, et al. Atlantic Publishers, New Delhi, 2012

૮૦. Fables of Identity, Northrop Frye; Prinston University Press; 1963

૮૧. Feminist Stylistics, Sara Mills; Taylor and Francis Limited; 1995

૮૨. Gala's Combined Dictionary: English Gujarati & Gujarati- English; Navneet Publication Limited

૮૩. If I Die Today, Shashi Deshpande; Print; Vikas Publishing House, New Delhi; 1982

૮૪. Indian Women Novelists and Psychoanalysis, M. Rajeshwar; Atlantic Publishers, New Delhi; 1998

૮૫. Merriam-Webster Online Dictionary, Web; 2019

૮૬. Oxford English Mini Dictionary, Catherine Soanes, Published by Oxford University Press, New Delhi, 7th Edition 38th impression, 2012

૮૭. Oxford Universal English- Gujarati Dictionary, P.G. Deshpande; Oxford University Press, New Delhi; 1st Edition's 41st Impression, 2012

૮૮. Politics after Television, Hindu Nationalism and the Reshaping of The Public in India, Arvind Rajagopal; Cambridge University Press, UK; 2001

૮૯. Rama, Must I Remind You of Your Divinity? : Locating a Sexualized, Feminist and Queer Dharma in the Ramayana, Mukti Lakhi Mangharam, Diacritics; Volume: 39, Spring, 2009; The John Hopkins University Press, Maryland; P. 75

The Beauty Myth, Naomi Wolf; Chatto & Windus; 1990

૯૦. The Clothes of Drupadi, Devdutt Pattanaik, Mythos; New Delhi;

April 2006;Web

The Dialectic of Sex, Shulamith Firestone; William Morrow and Company, 1970

૯૧. The Encyclopedia Americana: Volume-22, Grolier Incorporation; 1st Edition, 1984

૯૨. The Female Eunuch, Gremaine Greer; Farrar Straus Giroux; 1970

૯૩. The Feminine Mystique, Betty Freidan; Penguin Books, London; 1982

૯૪. The Second Sex, Simon De Beauvoir; Vintage; 1949

૯૫. The Subjection of Women, John Stuart Mill; Dover Publications; 1997

૯૬. The Whole Woman, Germaine Greer; Anchor Publisher; 2000

૯૭. Thinking about Women, Mary Ellmann; Harcourt, Brace & World; 1968

૯૮. Sex and Destiny, Germaine Greer; Harper Collins Publishers; 1984

૯૯. Sexual Politics, Kate Millett; Rupert Hart-Davis; 1970

૧૦૦. wentieth Century Literary Criticism, Bijay Kumar Das; Atlantic Publishers, New Delhi; 1st Edition, 1992

૧૦૧.Women's Images Men's Imaginations, Banani Mukhia; Manohar Publishers, New Delhi; 2002

પરિશિષ્ટઃ ૪

આધારગ્રંથ સૂચિ

પરિશિષ્ટઃ ૪ આધારગ્રંથ સૂચિ

૧. સાત પગલાં આકાશમાં, કુન્દનિકા કાપડિયા; નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ; સત્તરમી આવૃત્તિ, ૨૦૧૪

૨. બત્રીસ પૂતળીની વેદના, ઇલા આરબ મહેતા; ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, બીજી આવૃત્તિ, પુનર્મુદ્રણ, ૧૯૯૨

૩. મિત્રો મરજાની, કૃષ્ણા સોબતી; રાજકમલ પ્રકાશન, દિલ્હી; પ્રથમ આવૃત્તિ, ૧૯૬૭

૪. કાલા જલ, ગુલશેર ખાં 'શાની'; રાજકમલ પ્રકાશન, દિલ્હી; પ્રથમ સંસ્કરણ, ૧૯૮૫

૫. શેષ પ્રશ્ન, શરતચંદ્ર ચટ્ટોપાધ્યાય; અનુવાદકઃ રમણલાલ ગાંધી, શ્રી હરિહર પુસ્તકાલય, સુરત; પ્રથમ આવૃત્તિ, ૧૯૫૬

૬. પ્રથમ પ્રતિશ્રુતિ, આશાપૂર્ણા દેવી, અનુવાદકઃ હંસકુમાર તિવારી; નેશનલ પબ્લિશિંગ; ૧૯૯૮

૭. ઉમરાવજાન અદા, મિર્ઝા મહમ્મદ હાદી; અનુવાદકઃ એમ.જી. કુરેશી; પ્રથમ અનુવાદિત આવૃત્તિ, ૧૯૭૯

૮. દ્રૌપદી, પ્રતિભા રાય; અનુવાદકઃ જયા મહેતા; ઇમેજ પબ્લિકેશન્સ, અમદાવાદ; પ્રથમ અનુવાદિત આવૃત્તિઃ ૧૯૯૫

૯. પિંજર, અમૃતા પ્રીતમ; અનુવાદકઃ સુમિત્રા ઠાકોર; નવચેતન સાહિત્ય મંદિર, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૧૯૫૪

૧૦. ધરતી ખોળે પાછો વળે, કે. શિવરામ કારન્થ, અનુવાદકઃ પ્રભાકર મંગળવેઢેકર; સાહિત્ય અકાદમી, નવી દિલ્હી; પ્રથમ આવૃત્તિ, ૧૯૮૨

પરિશિષ્ટઃ ૫

કર્તા સૂચિ

(પસંદ કરેલી નવલકથાનાં કર્તાની સૂચિ)

પરિશિષ્ટઃ ૫ કર્તા સૂચિ

(પસંદ કરેલી નવલકથાના કર્તાની સૂચિ)

૧. કુન્દનિકા કાપડિયા (૧૯૨૭)

- **નવલિકાઃ** 'પ્રેમનાં આંસુ', 'વધુ ને વધુ સુંદર', 'જવા દઇશું તમને', 'કાગળની હોડી', 'મનુષ્ય થવું'
- **નવલકથાઃ** 'પરોઢ થતાં પહેલા', 'અગનપિપાસા', 'સાત પગલાં આકાશમાં'
- **નિબંધઃ** 'દ્વાર અને દીવાલ', 'ચંદ્ર તારા વૃક્ષ વાદળ'
- **પ્રાર્થનાઃ** 'પરમ સમીપે'
- **અનુવાદઃ** 'પુરુષાર્થને પગલે', 'કિશોર ડિટેક્ટિવ', 'વસંત આવશે', 'પૂર્ણ કુંભ', 'જીવન એક ખેલ', 'હિમાલયના સિદ્ધ યોગીઓ'

૨. ઇલા આરબ મહેતા (૧૯૩૮)

- **નવલિકાઃ**'એકસિગારેટએકધુપસળી', 'વિએનાવુડ્સ', 'ભાગ્યરેખા', 'બાળવો બાળવી બાળવું', 'યોમ કિપુર', 'ઇલા આરબ મહેતાનો વાર્તા વૈભવ'
- **નવલકથાઃ**'ત્રિકોણની ત્રણ રેખાઓ, થીજેલોઆકાર', 'રાધા', 'એક હતા દિવાન બહાદુર', 'બત્રીસ લક્ષો', 'વારસદાર, આવતી કાલનો સૂરજ', 'બત્રીસ પુતળીની વેદના' અને'મૃત્યુ' , 'દરિયાનો માણસ', 'વસંત છલકે', 'નાગ પરીક્ષા, પાંચ પગલા પૃથ્વીપર', 'ધ ન્યૂ લાઇફ', 'પરપોટાનીપાંખ', 'ઝીલી મેં કુંપળ હથેળીમાં' , જાહેરખબરનો માણસ', 'શબને નામ હોતું નથી', 'વાડ'
- **સંપાદનઃ** 'વર્ષા અડાલજાની શ્રેષ્ઠ વાર્તાઓ', 'મૃત્યુ નામ પરપોટા મરે'

૩. કૃષ્ણા સોબતી (૧૯૨૫-૨૦૧૯)

- **નવલિકા:** 'बादलों के घेरे'
- **લઘુનવલકથા:** 'डार से बिछुड़ी', 'मित्रो मरजानी', 'यारों के यार', 'तिन पहाड़', 'ऐ लड़की', 'जैनी मेहरबान सिंह'
- **નવલકથા:** 'सूरजमुखी अँधेरे के', 'ज़िन्दगीनामा', 'दिलोदानिश', 'समय सरगम', 'गुजरात पाकिस्तान से गुजरात हिंदुस्तान'
- **લેખ, સંવાદ, સંસ્મરણ:** 'हम हशमत (तीन भागों में)', 'सोबती एक सोहबत', 'शब्दों के आलोक में', 'सोबती वैद संवाद', 'मुक्तिबोध : एक व्यक्तित्व सही की तलाश में', 'लेखक का जनतंत्र', 'मार्फ़त दिल्ली'
- **પ્રવાસ-સાહિત્ય:** 'बुद्ध का कमण्डल : लद्दाख़'

૪. ગુલશેર-ખાં 'શાની' (૧૯૩૩-૧૯૯૫)

- **નવલિકા:** 'बबूल की छाँव' , 'डाली नहीं फूलती', 'छोटे घेरे का विद्रोह', 'एक से मकानों का नगर', 'युद्ध, शर्त का क्या हुआ?', 'बिरादरी तथा अन्य कहानियाँ', 'सड़क पार करते हुए', 'जहाँपनाह जंगल'
- **નવલકથા:** 'काला जल', 'कस्तूरी', 'पत्थरों में बंद आवाज़', 'काला जल', 'नदी और सीपियाँ', 'साँप और सीढ़ी'
- **સંસ્મરણ:** 'शालवनों का द्वीप'
- **નિબંધ સંગ્રહ:** 'एक शहर में सपने बिकते हैं', 'नैना कभी न दीठ'

૫. શરતચંદ્ર ચટ્ટોપાધ્યાય (૧૮૭૬-૧૯૩૮)

- **નવલિકાઃ** 'આલો ઓ છાયા', 'અભાગીર સ્વર્ગો', 'અનુપમર પ્રેમ', 'અનુરાધા', 'અંધારે આલો', 'બાલ્ય સ્મૃતિ', 'બિલાશી', 'બિંદુર છેલે', 'બોઝા', 'છેલેધોરા', 'છોબી', 'દરપોચૂર્નો', 'એકાદોષી બૈરાગી', 'કાશીનાથ', 'હરિચરણ', 'લાલુ', 'મામલર ફોલ', 'મંદિર', 'મહેશ', 'મેજદીદી', 'બોચોર પચ્ચ્શ પુર્બેર એકતી કહીની', 'પરેશ', 'પથનિર્દેશ', 'રામેર સુમતિ', 'સતી' 'સ્વામી'
- **નવલકથાઃ** 'બડી દીદી', 'બિરાજબહુ', 'પરિણીતા', 'બૈકુંઠર ઉઇલ', 'પલ્લી સમાજ', 'ચંદ્રનાથ', 'આરક્ષણીય', 'પંડિતમશાઈ', 'દેવદાસ', 'ચરિત્રહીન', 'શ્રીકાંત', 'નિષ્કૃતિ', 'દત્તા', 'ગૃહદાહ', 'દેના પાઓના', 'નબબિધાન', 'પથેર દાબી', 'શેષ પ્રશ્ન', 'બિપ્રદાસ', 'શુભદા', 'શેષેર પરિચય'
- **નાટકઃ** 'બીજોયા', 'રામા', 'શોરોશી', 'જય હિન્દ'
- **નિબંધઃ** 'નારીર મૂલ્ય', 'સ્વદેશ ઓ સાહિત્ય', 'તરુનેર બિદ્રોહો'
- **પ્રકિર્ણઃ** 'દેહાતી સમાજ', 'શરોદા'

૬. આશાપૂર્ણા દેવીઃ (૧૯૩૯-૨૦૦૧)

- **નવલિકાઃ** 'જલ ઔર આગુન', 'આર એક દિન', 'સોનાલી સંધ્યા', 'આકાશ માટી', 'એક આકાશ અનેક તારા'
- **પ્રચલિત નવલકથાઃ** 'પ્રેમ ઓપયોજન', 'અગ્નિ-પરીક્ષા', 'છાડપત્ર', 'પ્રથમ પ્રતિશ્રુતિ', 'સુવર્ણલતા', 'માયાદર્પણ', 'બકુલકથા', 'ઉત્તરપુરુષ', 'જુગાંતર યવનિકા પારે'
- **અન્ય પ્રમુખ નવલકથાઃ** 'ઔર એક આશાપૂર્ણા', 'આશાપૂર્ણા બિથિકા', 'અનામનિયા', 'વિશ્વાસ-અવિશ્વાસ', 'છવિબંધ સિંદક', 'ચિત્રકલપા', 'ચોસમા પલટે જય', 'શ્રીમતી સતમા જીબોન', 'દિબ્યહાસિની ડિનોલિપિ', 'દશ્ય થાકે દશ્યાંતોર', 'દ્વિતિયો-અદ્વિતિયો', 'સ્થાન કાલ પાત્ર', 'તીન પ્રોહર', 'ઇ તો સેડીન', 'કલ્યાણી', 'કાંતા પુકુર લેનેર કોમોલા', 'ત્રિમાત્રિક', 'વી.આઈ.પી.', 'લઘુ ત્રિપોદી', 'લીલા ચિરંતન', 'નક્ષત્રણ આકાશ', 'નોકષા કાટા ઘોર', 'પ્રિયો ગાલપો', શશી બાબૂર સંગસાર', 'સિરી ભાંગા અંકા'

- **યુવા નવલકથાઃ** 'લોય આદિત્ય મહાપાત્ર રહસ્ય', 'અમરાવતી અંતરાલે', 'બ્યપરતા કી હોલો', 'ભગ્ગી જુંધો બેધેચે', 'ભીટોરે કી છીલો', 'ભૂટુરે કુકુર', 'બોલબેર મોટો નોઇ', 'છાજ જોને મિલે', 'છૂટીટે છૂટા-છૂટી', 'છોટોડેર શ્રેષ્ઠો ગોલપો', 'છોટોડેર ઠાકુરદ્વાર કાશી યાત્રા', 'છોટોડેર ભાલો ભાલો ગોલપો', 'દક્કત ર કોબોલે આમી', 'દોસ્તી કિશોર ઉપોન્યાસ', 'દુદેર બાસી', 'એક કુરી ગોલપો', 'એક સમુદ્ર અનેક દેઉ', 'એકર મોધે તીન', 'ગજલિક એર હત્યા રહસ્ય', 'ગોલપો ભાલો આબેર બોલો', 'ગોલપો હોલો સુરુ', 'ગોલાપેર મોટો ગોલપો', 'હાફ હોલિડે', 'હાસિર ગોલપો', 'જીબોન કાલીર પક્કા હિસાબ', 'જુગલરતનો ટિકીટીકી ઓફિસ', 'કનકદીપ', 'કરપાકર પક્ચક્ર', 'કાટો કાંડો રાઈલગરિતે', 'કિશોર બચાઈ ગોલપો', 'કિશોર સાહિત્યો સમગ્ર' (૧-૩), 'કોપલ ખૂલે ગેલો નાકી', 'કુમકુમ', 'મજરુમામા', 'માનિકચંદ ઓ એરો છોડો', 'મંસૂર મોટો માનુષ', 'મોન થાકોન મોન કામોન', 'નિજે મુઝે નિન', 'નિખારચાઈ આમોદ', 'ઓનારા ઠાકુરબેની', 'પાંચ બહુતેર ગોપ્પો', 'પંચસ્તી કિશોર ગોલપો', 'પાખી થેકે હાતી', 'પ્લૈશેંટ', 'પોએલા દોશરા', 'રાજકુમારેર પોશાકે', 'રહસ્ય સંધાને', 'રાજા નોઇ રાની નોઇ', 'રજાઈ ગોલપો', 'રાની માયાબાજાર અંતરદર્શન રહસ્ય', 'રોગીન મોલાત', 'સકલેર સપનો', 'સરોજંતર નાયક', 'સતઈ આમોદ', 'સેઇ સોબ ગોલપો', 'સેરા બોર', 'સિરા રહસ્ય સમવાર', 'શનિર્વાચીતો ચોતોદર શેસ્તો ગોલપો', 'શોનો શોનો ગોલપો શોનો'
- **કિશોર નવલકથા**ઃ 'રાજકુમાર એર પોશાકે', 'ગજ ઉકીલ એર હત્યા રહસ્ય', 'લૌંકા મોરિચ હે એક મોહમનબ', 'માનુષેર મોટો માનુષ', 'ચારા પુતે ગેલેન નનતું પિસે', 'બોમાર છેએ બિશમ', 'સોમૂદૂર દેખા', 'અલોય આદિત્યર ઈચ્છા પોટ્રો રહસ્યો', 'હરનો થેકે પ્રાપ્તિ'

૭. મિર્ઝા મહમ્મદ હાદી 'રુસ્વા': (૧૮૫૭-૧૯૩૧)

- **નવલકથાઃ** 'શરીફઝાદા', 'ઝાતે શરિફ', 'ઉમરાવજાન અદા', 'ઈશફાએ રાઝ', 'નાલએ રુસ્વા'
- **નાટક**ઃ 'લૈલા-મજનૂ', 'લઝઝતે ફન'
- **મસનવી**ઃ 'ઉમીદો બીન'

૮. પ્રતિભા રાયઃ (૧૯૪૩)

- **નવલિકાઃ** 'સામાન્ય કથન', 'ગંગ શિવલી', 'અસમાપ્ત', 'એકતાન', 'અનાબના', 'હાત્બાક્સ', 'ઘાસ ઓ આકાશ', 'ચન્દ્રભાગા ઓ ચન્દ્રકલા', 'શ્રેષ્ઠ ગલપ', 'અબ્યક્ત', 'ઈતિબૃતી', 'હરિતપત્ર', 'પૃથક ઈશ્વર', 'ભગબાનર દેશ', 'મનુષ્ય સ્વર', 'સ્વનિર્બાચિત શ્રેષ્ઠ ગલપ', 'ષષ્ઠસતી', 'મોક્ષ', 'ઉલ્લંઘન', 'નિબેદનમિદમ', 'ગાંધી', 'ઝોટી ૫કા કાન્ત'
- **નવલકથાઃ** 'બર્ષા બસન્ત બૈશાખ', 'અરણ્ય', 'નિષિદ્ધ પૃથિબી', 'પરિચય', 'અપરિચિતા', 'પૂણ્યતોયા', 'મેઘમેદુર', આશાબરી', 'અયમારંભ', 'નીલતૃષ્ણા', 'સમુદ્રર સ્વર', 'શિલાપદમ', 'યાજ્ઞસેની', 'દેહાતીત', 'ઉત્તરમાર્ગ', 'આદિભૂમિ', 'મહામોહ', 'મગ્નમટિ'

૯. અમૃતા પ્રીતમઃ (૧૯૧૯-૨૦૦૫)

- **નવલિકાઃ** 'कहानियाँ जो कहानियाँ नहीं हैं', 'कहानियों के आँगन में', 'हीरे दी कनी', 'लातियाँ दी छोकरी', 'पंज वरा लंबी सड़क', 'इक शहर दी मौत', 'तीसरी औरत'
- **નવલકથાઃ** 'डॉक्टर देव', 'पिंजर', 'आहलणा', 'आशू', 'इक सिनोही', 'बुलावा', 'बंद दरवाज़ा ', 'रंग दा पत्ता', 'इक सी अनीता', 'चक्क नम्बर छत्ती', 'धरती सागर ते सीपियाँ', 'दिल्ली दियाँ गलियाँ ', 'एकते एरियल ', 'जलावतन', 'यात्री', 'जेबकतरे', 'अग दा बूटा', 'पक्की हवेली', 'अग दी लकीर', 'कच्ची सड़क ', 'कोई नहीं जानदाँ', 'उनहाँ दी कहानी', 'इह सच है', 'दूसरी मंज़िल ', 'तेहरवाँ सूरज', 'उनींजा दिन', 'कोरे कागज़', 'हरदत्त दा ज़िंदगीनामा '
- **આત્મકથાઃ** 'रसीदी टिकट '
- **કવિતા સંગ્રહઃ** 'लोक पीड़', 'मैं जमा तू ', 'लामियाँ वतन', 'कस्तूरी', 'सुनहुड़े '
- **ગદ્ય-પ્રકીર્ણઃ** 'किरमिची लकीरें', 'काला गुलाब', 'अग दियाँ लकीराँ', 'इकी पत्तियाँ दा गुलाब', 'सफ़रनामा', 'औरतः इक दृष्टिकोण ', 'औरतः इक दृष्टिकोण ', 'अपने-अपने चार वरे', 'केड़ी ज़िंदगी केड़ा साहित्य', 'कच्चे अखर', 'इक हथ मेहन्दी इक हथ छल्ला', 'मुहब्बतनामा', 'मेरे काल मुकट समकाली ', 'शौक़ सुरेही ', 'कड़ी धुप्प दा सफ़र', 'अज्ज दे काफ़िर'

૧૦. કે. શિવરામ કારન્થઃ (૧૯૦૨-૧૯૯૭)

- **નવલિકાઃ** 'નેચર, સાયન્સ એન્ડ એનવાઇરમેંટ', 'પ્રાણી પ્રપંચ', 'પ્રાણી પ્રપંચડા વિસ્મયગળુ', 'પ્રક્ષિગળ અદભૂત લોકા'
- **નવલકથાઃ** 'મૂકજજીય', 'મરાલી મણ્ણીગે', 'ચોમાના દુડી', 'મૈ મંગલા સુલીયાલી', 'બેટ્ટાદા જીવા', 'સરસ્મ્મણ્ણ સમાધિ', 'ધર્મયાણા સંસરા', 'અલીડા મેળે', 'કુડિયારા કુસુ', 'મલ્લિકાલ્લીનોડણે મટુકટે', 'ચિગુરીઢા કણસુ', 'મુગિડા યજ્ઞા', 'મૂજન્મ', 'કેવલા મનુષ્યારુ', 'ઇલ્યેંબા', 'ઇડારુ ચિંથે', 'નવુ કટ્ટીડા સ્વર્ગ', 'નષ્ટા દિગ્ગજગલુ', 'કન્નિડુ કનારુ', 'ગેજ્ઞા ડોજ્ઞાસ્થિકે', 'કન્નડિયાળી કંડથા', 'અંતિડા અપરંજી', 'હળિયા હટ્ટુ સમસ્થરુ', 'સમીક્ષકે', 'શન્નીસ્વરણા નેરલીનાળી', 'નમ્બીદ્વારા નાકા નરકા', 'ઔદાર્યાદા ઉરુલાળ્ળિ', 'ઓંતી દાણી', 'ઓડહુટ્ટીદવારુ', 'સ્વપ્નદા હોળે', 'જરૂવા દરિયાળી', 'ઉકકીડા નોરે', 'બળ્વેએ બેકાળુ', 'આલા નિરાળા', 'ગોંડારણ્ય', 'આડે ઉરુ આડે મારા', 'ઇન્નોંડે ડારી', 'જગજ્ઞોદારા ના', 'અદભૂત જગટ્ટુ'
- **નાટકઃ** 'યક્ષગણા', 'યક્ષગણા બાલ્યતા'
- **બાળ સાહિત્યઃ** 'દમ દમ ડોલુ', 'ઓડુવા અટ', 'વિશાળા સાગરગળુ', 'બાળાપ્રપંચ', 'મલ્લિકાલ્લીનોડણે મટુકઠેગળુ', 'મરીયાપ્પાના', 'નચિકેતા', 'ઇબ્બારા ગજા પંડિતારુ', 'મઠીના સેઠુવે', 'જટાયુ હનુમંતા', 'હુરિયાળા'